છૂટક નકલ : રૂ. ૧૫-૦૦ વાર્ષિક લવાજમ : રૂ. ૫૦-૦૦

# યાત્રાપથ

## ૧. સંપાદકીય

"An unemployed existence is a worst negation of life than death itself." - A Popular

"We cannot afford to spend millions over nuclear arms when there is poverty and unemployment."*

સામાન્ય ચૂંટણીઓની જાહેરાત થવાની સાથે દેશની અગત્યની સમસ્યાઓ પર અને એના ઉપાયો પર સમગ્ર દેશમાં ચર્ચા ચાલે છે. દેશના બે અગ્રણી રાજકીય પક્ષો જુદા જુદા મુદ્દાઓને આગળ કરી રહ્યા છે. પણ આ બધાની વચ્ચે વધતી જતી બેકારીનો પ્રશ્ન ખૂબ ગંભીર છે. આ પ્રશ્ન આજનો નથી. ૨૦૧૪માં પણ ભારતીય જનતા પાર્ટીએ દર વર્ષે ૨ કરોડ રોજગારી ઊભી કરવાનું વચન આપ્યું હતું જે પળાયું નથી સપ્ટેમ્બર ૨૦૧૮ની ૨૫ મી માર્ચ ઇન્ટરનેશનલ લેબર ઑર્ગેનાઇઝેશન દ્વારા જારી થયેલો રિપોર્ટે ફરી એકવાર બેકારીના પ્રશ્નને કેન્દ્રમાં લાવીને મૂકી દીધો છે. એણે કરેલા એક સર્વે પ્રમાણે દેશના ૭૬ ટકા સ્વીકારે છે કે દેશમાં બેરોજગારી વધતી જાય છે. રાષ્ટ્રીય સેમ્પલ સર્વે NSSO દ્વારા થયેલા સર્વે પ્રમાણે ભારતમાં છેલ્લાં ૪૫ વર્ષમાં નહોતી એટલી બેરોજગારી હાલમાં છે. રોજગારીની ભરોસાપાત્ર માહિતી ભારત સરકાર સત્તાવાર રીતે જાહેર કરતી નથી. પણ NSSOના અંદાજ પ્રમાણે સપ્ટેમ્બર, ૨૦૧૮માં ૩૧ મિલિયન લોકો બેકાર હતા અને બેરોજગારીનો દર ૬.૭% હતો. જે અગાઉનાં વર્ષોમાં સરેરાશ ૩.૫% રહેતો હતો. બીજા પણ અનેક સર્વે આ જ હકીકતની પૂર્તિ કરે છે. છેલ્લે અઝીમ પ્રેમજી યુનિવર્સિટી દ્વારા થયેલ અભ્યાસ પણ કહે છે કે છેલ્લાં ૫ વર્ષમાં ૫ કરોડ નોકરીઓ ઓછી થઈ છે. આ જ તારણ સેન્ટર ફૉર મોનિટરિંગ ઈકોનોમીનું છે. આના માટે કેટલાંક લોકો નોટબંધી કે GST જેવી ઘટનાઓને જવાબદાર ગણે છે, પણ બેકારીનો પ્રશ્ન એ માળખાગત પ્રશ્ન છે, આ કોઈ સામયિક પ્રશ્ન નથી. આ વિકાસની તરાહનો પ્રશ્ન છે. દર વર્ષે ૮૦ લાખ લોકો શ્રમ બજારમાં નવા પ્રવેશે છે, જેની સામે છેલ્લાં પાંચ વર્ષમાં ૬ લાખ નોકરી ઊભી થઈ છે. બહેનોનો અને પુરુષોનો, બંનેનો કામમાં ભાગીદારીનો આંક સતત ઘટતો જાય છે. આ બધું એક નિરાશામાં દેશને ડુબાડે છે, પણ સવાલ એ છે કે આનો ઉપાય શો ? રોજગારી વધશે કઈ રીતે ?

* ભારતના બીજા વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રી



ટેક્નોલોજીના ક્ષેત્રે ભારત મોટા ડગલે આગળ વધવા માંગે છે. પણ વિકસિત દેશોનો ઇતિહાસ બતાવે છે કે પ્રવર્તમાન ટેક્નોલોજીના વિકાસની સાથે રોજગારીમાં પણ વધારો કરવો મોટે ભાગે અશક્ય છે. આ વાત સ્વીકારવાની આપણને ગમતી નથી, પણ ટેક્નોલોજીનો વિકાસ કોઈના કોઈ સ્વરૂપે રોજગારીને ઘટાડે છે. કપાસના કાલા ફોલવાનું એક મશીન ચાર ગામની ૧૦૦ થી વધારે બહેનોની આંશિક રોજગારી ઘટાડે છે. કૃષિક્ષેત્રમાં રોજગારીની તકો વધે એમ નથી. સરકાર ધીરે ધીરે પાયાની સેવાઓમાંથી બહાર નીકળતી જાય છે. આરોગ્ય, શિક્ષણ, એના સંચાર વગેરે ક્ષેત્રમાં નફો કરતી સંસ્થાઓને વધુ પ્રેરે છે. નાના ઉદ્યોગો માટે સ્પર્ધાત્મક બનવાની સંભાવના 'Skill India, Start up India' છતાં ઘટે છે. દરેક પ્રકલ્પ-આર્થિક કે બિનઆર્થિકની અર્થતંત્ર પર શી અસર થશે, એની ચિંતા કરતાં વધારે ચિંતા આખો પ્રકલ્પ નફાકારક છે કે કેમ એની કરવામાં આવે છે. અંગ્રેજીમાં આજકાલ લોકો માનતા થયા છે કે 'Orkut was our past, Facebook is our present and Unemployment is our future' મને લાગે છે આમાં જરાય અતિશયોક્તિ નથી. દુનિયા આ વાત સ્વીકારતી જાય છે બધા ચિંતિત છે પણ ઉપાય નથી જડતો. બેરોજગારીને આજે પણ મહદંશે આર્થિક પ્રશ્ન ગણવામાં આવે છે અને એનો સામાજિક પાસુ બાજુએ રહી જાય છે. કામ વગરનું જીવન મૃત્યુથી પણ બદતર છે. જેને સમાજને કંઈ આપવાની તક મળતી નથી તે મોટાભાગના ગરીબો, સંપત્તિ વિહોણાને દુઃખ એમના ગરીબ હોવા કરતાં પણ વધારે નકામા હોવાનું હોય છે. દરેક વ્યક્તિ આપવાનું અને લેવાનું બંનેની તક ઇચ્છતો હોય છે. પણ ઔદ્યોગિક ક્રાંતિથી શરૂ કરીને આજ દિન સુધીમાં જે ઝડપે કેટલાંક લોકોની આવકમાં વધારો કર્યો તેની ચકાચૌંધમાં 'બધાંને કામ જોઈએ' એ સાદી વાત ભુલાઈ ગઈ. જીવનને ટકાવવા જેમ ખોરાક તેમ જ કામ.

ગાંધીજી આ વાત સમજ્યા હતા. રેંટિયાના અર્થશાસ્ત્ર પાછળ કે સ્વાવલંબન

**(અનુસંધાન પૃ.૨૭ પર...)**

સંપાદક : **મંદા પરીખ**

**'ભારતીય સમુદાય શિક્ષણ સંઘ' સંચાલિત**

# યાત્રાપથ

• પ્રકાશક •
**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**

'યાત્રાપથ' દર જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબરની ૧૫ તારીખે રવાના કરાય છે. તા. ૨૦ સુધીમાં જો અંક ન મળે તો કાર્યાલયના સરનામે જાણ કરશો.

• કાર્યાલય •
**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**
**સમુદાય શિક્ષણ ભવન**
ઑફ આશ્રમરોડ,
નવજીવન પ્રેસ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૪
ફોન : ૦૭૯-૨૭૫૪૩૧૭૪
Email : iscehouse@gmail.com
Website : http://iscecommunity.org
Facebook : iscehouse@gmail.com

**વાચકોને : આપના પ્રતિભાવો અને કાર્યક્રમોની વિગતો જો મોકલશો તો આભારી થઈશું.**

મુદ્રક :
**અર્થ કમ્પ્યૂટર**
૨૦૩, મૌર્ય કોમ્પ્લેક્સ,
સી. યુ. શાહ કૉલેજ પાસે,
ઇન્કમટેક્સ, અમદાવાદ-૧૪
મો. ૯૩૨૭૦૩૬૪૧૪

Subject to Ahmedabad Jurisdiction

## ક્રમની કેડીએ...

| *ક્રમ વિષય* | *પૃષ્ઠ* |
|---|---|
| ૧. સંપાદકીય | ૧ |
| ૨. વિકાસ માટેના શિક્ષણના સૂચિતાર્થો | ૪ |
| ૩. મોરારજી દેસાઈએ બેન્કોનું રાષ્ટ્રીયકરણ નહીં, નિયંત્રણ સૂચવેલું | ૧૦ |
| ૪. પ્રવૃત્તિ સરિતા | ૧૩ |
| ૪.૧ પ્રજાસત્તાક દિનની ઉજવણી | ૧૩ |
| ૪.૨ વાચન શિબિર | ૧૩ |
| ૪.૩ ૨૦૧૯ના સંયુક્ત કાર્યકર વિકાસ કાર્યક્રમ સંદર્ભે મળેલ બેઠક | ૧૪ |
| ૪.૪ ૧૯ મું પ્રા. રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાન | ૧૪ |
| ૪.૫ માતૃભાષાદિનની ઉજવણી કાર્યક્રમ | ૧૭ |
| ૪.૬ શ્રદ્ધાંજલિ | ૧૮ |
| ૫. સમુદાય શિક્ષણમાં અવનવું | ૨૨ |
| ૫.૧ માતૃભાષા શિક્ષણમાં સફળ પ્રયોગો | ૨૨ |
| ૫.૨ ગાંધી નિર્વાણદિનની ઉજવણી | ૨૩ |
| ૫.૩ આગામી આંતરરાષ્ટ્રીય પરિષદો | ૨૪ |
| ૫.૪ ભૂખ્યા કાજે ભોજન બનજો | ૨૫ |
| ૬. પુસ્તક પરિચય ઇન્ડિયા ૨૦૨૦ નવી સહસ્રાબ્દીનું સ્વપ્ન | ૨૬ |



## ૨. વિકાસ માટેના શિક્ષણના સૂચિતાર્થો

**- પ્રા. રામલાલ પરીખ**

શિક્ષણના સામાજિક લક્ષ્યાંકોનું મહત્ત્વ દિવસે દિવસે વધતું જાય છે. ઉચ્ચ શિક્ષણના સંદર્ભમાં આવું વધારે જોવા મળે છે પણ હકીકતમાં તો શિક્ષણના દરેક તબક્કે સામાજિક ધ્યેયો સાથેની નિસ્બત વધતી જવી જોઈએ. ઉચ્ચ શિક્ષણ આ સંદર્ભમાં ખૂબ જ મહત્ત્વનું બની જાય છે. અહીં શીર્ષકમાં વપરાયેલ દરેક શબ્દનો અર્થ ઉચ્ચ શિક્ષણના સંદર્ભમાં બદલાઈ જાય છે. આ શબ્દોને નવા સંદર્ભોમાં સમજી લેવા આવશ્યક છે.

(૧) શિક્ષણ એટલે શરીર અને આત્માથી અલિપ્ત એવી માત્ર મનની કેળવણી નહીં, પણ એ એક એવું કાર્ય કે જે આ ત્રણેયને (શરીર, મન, આત્મા) એકબીજા સાથે જોડે અને એમાં સંવાદિતા સર્જે. કોઈ પણ શિક્ષણ જે લોકોના રોજિંદા જીવનમાં આવી સંવાદિતતા નથી સર્જી શકતું તે આખરે નકારાત્મક અને ખંડનાત્મક બને છે. મહાત્મા ગાંધીએ આ વાત ખૂબ સ્પષ્ટ રીતે સરસ શબ્દોમાં મૂકી છે. 'હું માનું છું કે, બુદ્ધિને કેળવતું ખરું શિક્ષણ તો શારીરિક અંગોની એટલે કે હાથ, પગ, નાક, કાનની યોગ્ય કેળવણીથી જ શરૂ થાય. બીજા શબ્દોમાં બાળકોના બૌદ્ધિક વિકાસનો સરળ ઉપાય તો બાળકને એની કર્મેન્દ્રિયોનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરતા શિખવાડવામાં આવે તે છે. જ્યાં સુધી શરીર અને મનનો વિકાસ અને સાથે આત્માની જાગૃતિ એકબીજાની સાથે સાથે ન થાય, ત્યાં સુધી બૌદ્ધિક વિકાસ જીવનને / સમાજને એકાંગી અને અસમતોલ બનાવશે. આત્માની તાલીમ એટલે હૃદયની કેળવણી. શારીરિક અને આધ્યાત્મિક શિક્ષણ જ્યાં સુધી ઔપચારિક શિક્ષણની સાથે નહીં અપાય ત્યાં સુધી જેટલો બૌદ્ધિક વિકાસ થવો જોઈએ તેટલો નહીં થાય. આ વિભાગી ન શકાય એવી ત્રયી છે. આથી જ આમાંની કોઈ એક જ પાંખના શિક્ષણના સંદર્ભમાં શિક્ષણ વિકસાવવાનો કે એકાંગી શિક્ષણ આપવાનો પ્રયાસ વ્યર્થ નીવડશે. કારણ આ ત્રણમાંથી કોઈ એક જ પાંખનું શિક્ષણ સ્વતંત્ર રીતે વિકસાવવું શક્ય નથી.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ના પ્રમુખ પદે ૧૯૪૮માં નિમાયેલા ઉચ્ચ શિક્ષણ પંચના શબ્દોમાં, 'પૂર્વ અને પશ્ચિમ બંનેના તત્ત્વચિંતકોએ એ સ્વીકાર્યું

* તા.૨૯-૬-૧૯૮૪ના રોજ International Association of University Presidents ની બેંગકોકમાં મળેલ ત્રિ-વાર્ષિય અધિવેશનમાં આપેલ પ્રવચનને આધારે.

છે કે તમામ પ્રકારના શિક્ષણનું ધ્યેય વિશ્વમાં રહેલી સંવાદિતા અને જીવનના સાતત્યને સમજાવવાનો છે.' આપણને એમાંથી એક યથાર્થદર્શન થાય, એક સમગ્ર દર્શન મળે અને ભિન્ન ભિન્ન પ્રકારના જ્ઞાનમાં રહેલા સમન્વયને આપણે શોધી શકીએ તે છે. માણસ એકબીજાથી અલિપ્ત હોય એવી માહિતીઓના ઢગલાથી ન જીવી શકે. એની ઇચ્છા તો એક વ્યવસ્થિત, બૌદ્ધિક દર્શન મેળવવાની છે, જે એની પાસે આવતી તમામ માહિતીઓને એકબીજા સાથે જોડી શકે. વ્યક્તિએ વ્યક્તિએ જીવનમાં ગમે તેટલી ભિન્નતા દેખાતી હોય તો પણ જીવન એક છે. આપણે ભલે એના જુદા જુદા ટુકડાઓનો અભ્યાસ કરતાં હોઈએ પણ આપણને એટલી સમજ તો હોવી જ જોઈએ કે 'જીવન એક છે'. જીવન જુદા જુદા એકબીજાથી સ્વતંત્ર એવા કાટમાળનો ઢગલો નથી, પણ જુદી જુદી પ્રથાઓ વચ્ચેની સુસંવાદિતા છે.

૧૯૬૪-૬૬માં ડૉ. ડી.એસ.કોઠારીના પ્રમુખપદે સ્થપાયેલ શિક્ષણ પંચના શિક્ષણ અને રાષ્ટ્રીય શિક્ષણ વિકાસ પરના હેવાલમાં પણ આ જ વાત થોડા જુદા શબ્દોમાં કહી છે.

આપણી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ પોતાના પ્રજાધર્મને સમજવા જે મૂળભૂત મૂલ્યો પર આધાર રાખે છે, તે સમય અને સંજોગ સાથે સંબંધિત નથી, છતાં એમનાં કાર્યો (પ્રજાધર્મ) સમયે સમયે બદલાતાં રહે છે. આ ઝડપથી બદલાતા જતા વિશ્વમાં, વિશ્વ વિદ્યાલયોમાં પણ તેમના વિષય વસ્તુ, કાર્યપદ્ધતિ અને માળખું આ બધું જ ઝડપથી બદલાયું છે.

વિશ્વ વિદ્યાલયોનું કાર્યક્ષેત્ર આ ઝડપી ક્રાંતિના યુગમાં, નવા જ્ઞાનનું સર્જન અને વર્ગશિક્ષણમાં જ નથી પણ એમણે નવી ભૂમિકા ભજવવાની છે અને નવી ભૂમિકા જૂનાની સરખામણીએ વધારે વ્યાપક, ઊંડી અને જટિલ છે.

(૧) શિક્ષણ, વ્યક્તિગત અને સામાજિક, બંને વિકાસને વરેલું છે. પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણ લીધેલા યુવાનો સમાજથી દૂર જતાં જાય છે અને તેથી સામાજિક ધ્યેયો પર શિક્ષણનો ઝોક વધે એ ખૂબ જરૂરી છે. શિક્ષણનું કામ વ્યક્તિના શ્રેષ્ઠતમને બહાર કાઢવાનું છે. પણ આ શ્રેષ્ઠતમ એ સમગ્ર સમાજના હિતમાં વાપરી શકાય તેવું હોવું જોઈએ. વ્યક્તિત્વ વિકાસને સામાજિક હિત સાથે જોડવું જોઈશે, નહીં તો વિદ્યાર્થી વિભાજિત અને ખંડનાત્મક સ્વભાવવાળો થશે, જે સામાજિક વિસંવાદિતામાં વધારો કરશે.



**(૨) ઉચ્ચ શિક્ષણ** - ઉચ્ચ શિક્ષણનો અર્થ માત્ર ઉચ્ચતર, માધ્યમિક કે યુનિવર્સિટી શિક્ષણ જ નથી, પણ એનો અર્થ તો એવું શિક્ષણ કે જે મૂલ્યો તરફના લગાવને વધારી વિદ્યાર્થીને પોતાની આત્મિક શક્તિને વિકસિત કરવાની તક આપી એની આધ્યાત્મિક અને નૈતિક શક્તિઓમાં વૃદ્ધિ કરે. સીડીના ઉપરના પગથિયે રહેવાથી જ ઉચ્ચ શિક્ષણ ઉચ્ચ નથી બનતું. હકીકતે આજે અલગતાવાદ અને માનવ મનના વિઘટનની ઊંડી કટોકટી પ્રાથમિક કે માધ્યમિક શિક્ષણ કરતાં ઉચ્ચ શિક્ષણમાં વધારે જોવા મળે છે.

**(૩) વિકાસનો અર્થ** - માત્ર ભૌતિક કે આર્થિક વિકાસ નથી. પણ એનો અર્થ માનવ સંસાધનોનો વિકાસ છે. દરેક સ્ત્રી અને પુરુષ કોઈપણ પ્રકારના ભેદભાવ વગર સ્વતંત્ર રીતે વિકસી શકે તેવી પરિસ્થિતિ સર્જવાનો છે. આનો અર્થ એ થયો કે તૃણમૂલ કક્ષાએ સામુદાયિક અભિગમ આધારિત વધારે સઘન પ્રયાસો પર વધુ ભાર મૂકવો પડશે. આપણે ત્યાં આર્થિક વિકાસને વિકાસ ગણી લેવા તરફના ઝોકને લીધે માનવ સંસાધનોનો વિકાસ કરવામાં સફળતા નથી મળી. વિકાસની સાથે સાથે અસમાનતાઓ ઓછી થવાને બદલે વધતી જાય છે.

**(૪) રાષ્ટ્રીય વિકાસ** - રાષ્ટ્રીય વિકાસ એ એવી પ્રક્રિયા છે કે જે વિભાજનને બદલે સંકલનને પ્રેરે છે અહીં રાષ્ટ્રવાદ એ વિશ્વવાદનો વિરોધી નથી. અહીં રાષ્ટ્ર કોઈ પણ સંપ્રદાય કે જૂથ તરફી નહીં, પણ બિનસાંપ્રદાયિક હશે અને માત્ર દેશમાં જ નહીં, પણ સમગ્ર માનવજાત માટે સામાજિક સંવાદિતાને વધારનારું હશે.

**(૫) આંતરરાષ્ટ્રીયતાનો અર્થ** - પોતાની નિજી જમીનમાં ઊંડા મૂળિયાં સાથે માનવ મનનો વૈશ્વિક આયામ, આંતરરાષ્ટ્રીયતાનો ખરો અર્થ 'વિચારો વિશ્વની વાટે, કરો ઘરના આંગણે' સૂત્રમાં અભિવ્યક્ત થાય છે. તૃણમૂલ કક્ષાએ જ્યાં સુધી સામુદાયિક સ્વનિર્ભરતા નહીં આવે ત્યાં સુધી આંતરરાષ્ટ્રીય સમાજના સ્વપ્નને સિદ્ધ નહીં કરી શકાય.

**(૬) પરસ્પર આધારિત** - વ્યવસ્થામાં એકનું બીજા પર ચલણ નથી પણ વૈશ્વિક સ્તરે માનવીય અને ભૌતિક સંસાધનોને એકબીજા સાથે વહેંચવાની વાત છે. માત્ર દેશમાં જ નહિ, પણ દેશો દેશો વચ્ચે પણ આવી પરસ્પરાધારિત વ્યવસ્થા હોવી જોઈએ. પાયાની જરૂરિયાતોમાં સ્વાવલંબન અને પરસ્પરાધારિત સમાજ વ્યવસ્થા, આ બેમાં કોઈ વિરોધાભાસ નથી, બલ્કે એ એકબીજાના પૂરક છે.

**(૭) આંતરરાષ્ટ્રીય** - ઉચ્ચ શિક્ષણનો અર્થ રાષ્ટ્રીય નહીં એવું શિક્ષણ કે બીજા દેશોનું શિક્ષણ નહીં, પણ એવું શિક્ષણ કે જે વિદ્યાર્થીઓને વૈશ્વિક સીમાડાઓમાં લઈ જાય. ગામડામાં પણ જો માનવજાતની આ એકતા અને જુદાં જુદાં જૂથો વચ્ચેની સંવાદિતાનું શિક્ષણ અપાતું હોય તો તે સંયુક્ત રાષ્ટ્રસંઘ કે યુનેસ્કો જેવી સંસ્થાઓ કરતાં કે આંતરરાષ્ટ્રીય તાલીમી શાળા કરતાં પણ વધારે આંતરરાષ્ટ્રીય છે.

**(૮) રાષ્ટ્રીય વિકાસ માટેનું વાહન** - એક સામાજિક માળખાને બદલવા માટેની સામાજિક શક્તિ તરીકે શિક્ષણે પરિવર્તનના એજન્ટ તરીકે કામ કરવાનું છે. એણે નવા વિચારોને પ્રેરવાના છે. આનો અર્થ એ થયો કે દુનિયાના કોઈ પણ ભાગમાં ઉચ્ચ શિક્ષણનો વિચાર સામાજિક પરિવર્તનના એક અગત્યના અને પાયાના વાહકની ભૂમિકામાં થવો જોઈએ, નહીં કે બીજા કોઈ ક્ષેત્રના પોષક તરીકેની ગૌણ ભૂમિકામાં.

ઉપરની વિભાવનાઓને ખ્યાલમાં રાખીને હવે હું વિકાસમાં ઉચ્ચ શિક્ષણની ભૂમિકા વિશે વાત કરીશ. વિશ્વભરમાં એ વાત સ્વીકારાઈ છે કે શિક્ષણ એકદંડિયા મહેલમાં વિકસી નહિ શકે, એનો અભ્યાસક્રમ એ રીતે ઘડાવો જોઈએ કે જેમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ત્રણે કામો એકબીજાને પૂરક બંને અને એકબીજાની ગુણવત્તામાં સુધારો કરે.

કોઈપણ વિદ્યાકીય કાર્યક્રમ, પછી તે ઔપચારિક હોય કે બિનઔપચારિક કે અર્ધઔપચારિક, અવૈધિક કે દૂરવર્તી હોય એમાં વર્ગ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ આ ત્રણેનો સમાવેશ થવો જોઈએ. ભારત સરકારના વિશ્વવિદ્યાલય અનુદાન આયોગે આ વાત સ્વીકારી છે અને એની શિક્ષણ નીતિમાં એણે જાહેર કર્યું છે કે વિસ્તરણ એ શિક્ષણનો, વર્ગશિક્ષણ અને સંશોધન પછીનો ત્રીજો આયામ છે. જો આ સિદ્ધ કરવું હોય તો હાલની વર્ગખંડના શિક્ષણ પર આધારિત પદ્ધતિમાં મૂળભૂત ફેરફારો કરવા પડશે. એ ખૂબ જ જરૂરી છે કે આપણે વર્ગશિક્ષણને જેટલો સમય આપીએ છીએ તેને બદલવો પડશે અને ૧/૩ સમય વર્ગખંડ બહારની વિસ્તરણની પ્રવૃત્તિઓને આપવો પડશે, જેમાં લોકોની સાથે કામ કરવામાંથી શીખવાનું પણ થશે અને નવા જ્ઞાનનું સર્જન પણ થશે. આમ શિક્ષણની પ્રક્રિયા જીવંત પરિસ્થિતિઓ સાથે જોડાયેલી રહેશે.

ઉચ્ચ શિક્ષણનું કામ નવું જ્ઞાન સર્જવાનું છે. એ નવા જ્ઞાનને વિદ્યાર્થીઓને અને સાથે સાથે સમાજને આપવાનું છે. અત્યારે આ બધાં કામો જુદી જુદી



સંસ્થાઓ કરે છે તે એક જ સંસ્થા દ્વારા થાય એ જરૂરી છે. સવાલ કદાચ એ ઉપસ્થિત થાય કે જે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ ચાર દીવાલોની વચ્ચે ચોપડિયું જ્ઞાન આપી રહી છે, તે આ કામ કરી શકશે ? શું એ એટલી ક્ષમતા ઊભી કરી શકશે ? આનો જવાબ એ છે કે પ્રવર્તમાન વ્યવસ્થામાં આમ કરવાની ક્ષમતા છે પણ વિશ્વવિદ્યાલયોએ એ માટે કામ કરવા વધારે કટિબદ્ધ થવું પડશે. વિદ્યાર્થીઓએ આ ત્રણે કાર્યો (શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ) માટે વધારે મહેનત કરવી પડશે. શિક્ષકોએ ચાર દીવાલોની બહાર સમાજ સાથે જોડાવાની આવડત કેળવવી પડશે.

વિશ્વવિદ્યાલયને રાષ્ટ્રીય વિકાસનું માધ્યમ બનાવવા માટેનું પહેલું કદમ તે વિશ્વવિદ્યાલયોને ચોપડિયા, ચાર દીવાલોના શિક્ષણને બદલે આ બહુઆયામી શિક્ષણ માટે સક્ષમ અને સમૃદ્ધ (જ્ઞાનમાં) બનાવવાનું છે. એમને એમના શૈક્ષણિક કામોના ભાગરૂપે ક્ષેત્રિય કાર્ય અને સામુદાયિક સેવાઓની તકો આપવી પડશે. વિશ્વવિદ્યાલયમાં સતત શિક્ષણનો એક વિભાગ ખોલી દેવાથી આ કામ નહિ થાય. આ માત્ર એક નવો વિભાગ ખોલવાની વાત નથી. પણ આખા અભ્યાસક્રમને નવેસરથી ઘડવાની વાત છે. આ નવો અભ્યાસક્રમ વિકસાવવાનું પ્રથમ પગલું તે વિસ્તરણ સેવાઓને જનસમાજ સાથે જોડવાનું છે.

ભારતના વિશ્વવિદ્યાલયોએ જે ભૂમિકા ભજવવાની છે એ વિશે તેઓ જાગૃત થવા માંડ્યા છે. વિકાસ સાથે અર્થપૂર્ણ જોડાણ કરવા એ તૈયાર થતા જાય છે. જો વિશ્વવિદ્યાલયો આ માટે ખુલ્લા મુકાય તો એ પણ જોવું જોઈએ કે વિકાસની પ્રક્રિયા પણ શિક્ષણ સંસ્થાઓને પોતાના ભાગીદાર તરીકે સ્વીકારે એટલી ખુલ્લી હોવી જોઈએ. વિશ્વ વિદ્યાલયોનો એકપક્ષી પ્રયાસ આમાં સફળ નહીં થાય. આ જોડાણને ઔપચારિક રૂપ આપવું પડશે અને એને સંસ્થાગત પણ કરવા પડશે. વિકાસની પ્રક્રિયામાં આયોજનથી જ શરૂ કરી દરેક તબક્કે વિશ્વ વિદ્યાલયોને સ્થાન આપવું પડશે. વિશ્વવિદ્યાલયો માનવસંસાધનને આગળ વધારવા કામ કરી શકે તે માટે વિકાસની વ્યૂહ રચનામાં પૂરતું પ્રાવધાન હોવું જોઈએ. રાષ્ટ્રીય ઉદ્દેશોના પાયા પર થતા સામાજિક વિકાસ અને શિક્ષણ વચ્ચે યોગ્ય જોડાણ થવું જોઈએ. આ તો જ શક્ય બને જો વિકાસ સાથે જોડાયેલા લોકો/સંસ્થાઓ વિશ્વ વિદ્યાલયને એમના ભાગીદાર તરીકે સ્વીકારે. વિકાસ માટે જવાબદાર તમામ સત્તામંડળોએ વિશ્વવિદ્યાલયોને ભાગીદાર તરીકે સ્વીકારવા તૈયાર થવું પડશે. જો શિક્ષકો અને વિદ્યાર્થીઓને, સ્થાનિક કે

રાષ્ટ્રીય વિકાસની પ્રક્રિયામાં અસરકારક ભાગ લેવો હોય તો એ જરૂરી છે કે વિશ્વવિદ્યાલયોને વિકાસના તંત્રમાં એક આંતરિક વિભાગ તરીકે જોવામાં આવે, નહીં કે કોઈ બાહ્ય તત્ત્વ તરીકે આયોજનની પ્રક્રિયામાં દરેક વિશ્વવિદ્યાલય સમુદાય વિકાસ કેન્દ્ર ચલાવે અને એના દ્વારા માનવસંસાધનોને લોકોના સામાજિક વિકાસ માટે પ્રયોજે.

હજી એક મૂળભૂત સવાલ છે - અને તે વિકાસની તરાહનો. વિકાસને એક સમષ્ટિલક્ષી પ્રક્રિયા તરીકે જોવામાં આવે છે અને એમ મનાય છે કે વિકાસના લાભ નાના નાના વ્યક્તિલક્ષી સમુદાયો સુધી ધીરે ધીરે પહોંચશે. પણ ખરેખર આવું બનતું નથી. વિકાસની તરાહ બદલ્યા વગર આ બનશે પણ નહીં. આમ કહેવા માટે આપણી પાસે અનેક સાબિતીઓ છે. વિશ્વવિદ્યાલયોની હોશિયારીનો ઉપયોગ કંઈક અંશે સમષ્ટિલક્ષી વિકાસના આયોજનમાં થાય છે પણ તૃણમૂલ કક્ષાએ પહોંચવા માટેની વ્યૂહરચના ઘડવા માટે ભાગ્યે જ થયો છે. આથી હાલમાં સમષ્ટિલક્ષી વિકાસના આયોજનમાં ભાગીદાર થવાનું વિશ્વવિદ્યાલયો માટે એટલું મુશ્કેલ નથી જેટલું વ્યક્તિલક્ષી આયોજનમાં સ્વનિર્ભર સમુદાયો ઊભા કરવા અને એમની પાયાની જરૂરિયાતો માટે સ્થાનિક માનવ અને ભૌતિક સંસાધનોનો ટેકો લઈ પોતાના પગ ઉપર રહેતા કરવાની નીતિઓ, વ્યૂહરચનાઓ ઘડવાનું છે. આપણી સમક્ષ પડકારરૂપ સવાલ એ છે કે, આવા વ્યક્તિલક્ષી વિકાસ માટેની-વિકાસના લાભોના વિતરણ માટેની વ્યૂહરચના કેવી રીતે શોધવી ! આખરે તો ગરીબી અને અસમાનતાના પ્રશ્નો વ્યક્તિલક્ષી જ છે. વિશ્વવિદ્યાલયો માટે આવા વિકાસનાં કામોમાં જોડાવાનું સૌથી લાભદાયી થશે - કારણ કે આ જ રીતે વિશ્વવિદ્યાલયો વિકાસ સાથે એક સહજ જોડાણ કરી શકશે. લોકો, વિકાસ અને શિક્ષણ વચ્ચે એક સમતોલ સંબંધ ઊભો થશે તો ટોપ ડાઉનને બદલે બોટમ-અપ (તૃણમૂલથી ઉપર) વિકાસની પ્રક્રિયા અસ્તિત્વમાં આવશે. જ્યાં સુધી પ્રવર્તમાન વિકાસની વિભાવનાનું બોટમ-અપ વ્યૂહરચનામાં પરિવર્તન નહીં કરીએ ત્યાં સુધી વિશ્વવિદ્યાલયો ઉપર કથિત ભૂમિકા નહીં ભજવી શકે. હાલમાં ઉચ્ચ શિક્ષણની ભૂમિકા વિકાસમાં ખૂબ ઉપરછલ્લી, સપાટી પરની અને ઔપચારિક રહી છે.

આથી અંતમાં એટલું જ કહેવાનું કે વિશ્વવિદ્યાલયો અને વિકાસ એકબીજા સાથે યોગ્ય રીતે સંકલન થાય એ માટે બંને બાજુ પહેલ કરવી અનિવાર્ય બની જશે.



## ૩. મોરારજી દેસાઈએ બૅન્કોનું રાષ્ટ્રીયકરણ નહીં, નિયંત્રણ સૂચવેલું

**- મણિલાલ એમ. પટેલ**

આજના બૅન્કિંગ ગોટાળાનાં સમયમાં દેશના પૂર્વ વડાપ્રધાન અને પૂર્વ નાણામંત્રી મોરારજીભાઈ દેસાઈને વિશેષ રીતે યાદ કરવા રહ્યા. આજથી ૫૧ વર્ષ પહેલાં ૧૯૬૭ની કોંગ્રેસ કાર્યવાહક સમિતિમાં દેશના નાણામંત્રી તરીકે તેમણે બૅંકોના રાષ્ટ્રીયકરણનો સૈદ્ધાંતિક વિરોધ કરીને તે પગલું ન ભરવા તે સમયના વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને ચેતવ્યા હતા. રોજે રોજ સરકારી બૅંકોના જે નિત્ય નવા કરોડો રૂપિયાના કૌભાંડ બહાર આવી રહ્યા છે તે જોતાં મોરારજી દેસાઈ કેવા કુશળ નાણા મંત્રી અને દીર્ઘદૃષ્ટિ રાજનીતિજ્ઞ હતા તેની પ્રતીતિ થાય છે. પણ મોરારજીભાઈ પાસેથી નાણાખાતું ઝૂટવી લઈને ઈન્દિરાજીએ ૧૪ બૅંકોનું રાષ્ટ્રીયકરણ કરીને અંતે પોતાનું ધાર્યું કર્યું. નાણાખાતું ઝૂટવી લેવાતાં એક સ્વમાની રાજનેતા તરીકે તુરંત જ તેમણે નાયબ વડાપ્રધાન પદેથી પણ ક્ષણનોય વિલંબ કર્યા વિના રાજીનામું આપી દીધું હતું અને નાણા ખાતું મેળવવા કોઈ દાવપેચ કે ત્રાગું કર્યું ન હતું. સત્તાની ખુરશી કરતા સિદ્ધાંત અને સ્વમાન વધુ મહત્ત્વના છે તે મોરારજીએ પુરવાર કરી દીધું હતું. ભારતના નાણાં મંત્રી તરીકે દેશના ૧૦ બજેટ રજૂ કરવાનો તેમનો વિક્રમ હજુ સુધી કોઈ નાણામંત્રી તોડી શક્યા નથી.

૧૯૬૭ના મે મહિનામાં મળેલી કોંગ્રેસ કારોબારી સમિતિમાં બૅંકોના રાષ્ટ્રીયકરણ અંગે પોતાનું દૃઢ દૃષ્ટિબિંદુ હિંમતપૂર્વક રજૂ કરતાં તેમણે જણાવ્યું હતું કે, હું રાષ્ટ્રીયકરણને સિદ્ધાંત તરીકે માનતો નથી, પણ સાધન તરીકે માનું છું. રાષ્ટ્રીયકરણથી દેશને ફાયદો થતો હોય અને જન સાધારણનું હિત સધાતું હોય તો જ કરવું જોઈએ. કૉંગ્રેસે મિશ્ર આર્થિક નીતિ સ્વીકારી હોવાથી હું રાષ્ટ્રીયકરણને સિદ્ધાંત તરીકે સ્વીકારતો નથી.

તેમણે કહ્યું હતું કે આપણો રાષ્ટ્રીયકરણનો હેતુ તપાસીએ તો તેમાં મુખ્ય બે ત્રણ વાતો આવે છે. બૅંકો પર મોટા ઉદ્યોગપતિઓનું વર્ચસ્વ છે અને તેના સંચાલનમાં તેમની બહુમતી હોય છે. કારણ કે ઘણી બૅંકો મોટા ઉદ્યોગપતિઓએ શરૂ કરી હોય છે. તેથી તેમને જલદી લોન મળી જાય છે અને નાના ઉદ્યોગપતિઓ જે સાહસિક છે, શક્તિ, કાબેલિયત અને પ્રામાણિકતા ધરાવે છે

પણ મિલકતો નથી, તેમને લોન મળતી નથી. ખેડૂતોને પણ ધિરાણ મળતું નથી. આ બધાને મળવું જોઈએ તે રાષ્ટ્રીયકરણનો સ્પષ્ટ હેતુ છે. પણ ખેડૂતોને વેપારી બેંકોએ ધિરાણ ન આપવું જોઈએ, એ પ્રકારની નીતિ સહકારી બૅંકોને પ્રોત્સાહન આપવા માટે આપણે અપનાવી છે એટલે તેમાં બૅંકોનો દોષ નથી.

આ સ્થિતિ બદલવા આપણે રિઝર્વ બૅંક મારફતે બેંકોનું સામાજિક નિયંત્રણ કરી શકીએ છીએ અને દેશની આર્થિક પરિસ્થિતિને નુકસાન પહોંચાડ્યા વિના તેને વધુ સંગીન બનાવવા બૅંકોનો ઉપયોગ રાષ્ટ્રીયકરણ કર્યા વિના પણ કરી શકીએ તેમ છીએ. આપણે સામાજિક નિયંત્રણોનો કાયદો લાવી શકીએ તેમ છીએ કે જેથી બૅંકોના સંચાલનમાં ઉદ્યોગપતિઓ અને ધંધાદારીઓની બહુમતી નહીં, પણ લઘુમતી રહે અને બીજા બધાની બહુમતી હોય. આપણે ધિરાણ નીતિ નક્કી કરીને તેનો અમલ કરવા બૅંકોને કહી શકીએ અને જે બેંકો તેનો અમલ ન કરે તેને આપણા હસ્તક લઈ લઈએ. કેટલીક બૅંકોના રાષ્ટ્રીયકરણ કરતાં આપણે બધી બૅંકોનું સામાજિક નિયંત્રણ કરીએ. રાષ્ટ્રીયકરણ આપણને ખાડામાં ઉતારશે અને એ માટે આપણે તેને વળતર આપવું પડશે, જે કરોડો રૂપિયાનું થાય. એનાથી આપણા મર્યાદિત સાધનો વધારે મર્યાદિત થઈ જશે. આર્થિક વિકાસ માટે જરૂરી રોકાણનાં સાધનો ઓછાં થઈ જશે. રાષ્ટ્રીયકરણથી આપણે રેડ-ટેપિઝમ - વિલંબી કાર્યવાહીના વર્તુળમાં આવી જઈશું.

મોરારજીભાઈએ વિદેશી બૅંકોને પણ સાફ કહી દીધું હતું કે, ભલે તમે તમારા દેશના કાયદાને અનુસરો પણ ભારતમાં એડવાઈઝરી બૉર્ડ બનાવો અને જે નીતિ ભારત સરકારે બનાવી છે તેને અનુસરો અને ધિરાણ પણ ભારત સરકારની નીતિ મુજબ કરો. એડવાઈઝરી બોર્ડમાં ઓછા વિદેશીઓ અને વધુ ભારતીઓ હોય અને પગારોની પણ સમાનતા હોય. અમારી નિયંત્રણની નીતિ અનુસાર જે વિદેશી બૅંકો કામ કરવા ઇચ્છતી ન હોય તેઓ આ દેશમાં કામ કરી શકશે નહીં. વિદેશી બૅંકોએ પણ આ નીતિના અમલની ખાતરી આપી હતી. આમ મોરારજીની સ્પષ્ટ ચેતવણી છતાં ઇન્દિરાજીએ પ્રગતિશીલ અને ગતિશીલ ડાયનેમિક નેતૃત્વની છાપ પાડવા રાષ્ટ્રીયકરણનું લોકપ્રિય પગલું લીધું. જેનાં માઠાં ફળો આજે દેશ ભોગવી રહ્યો છે. બૅંકોને બચાવવા સરકારે અબજો રૂપિયાની સહાય કરવી પડે છે જે દેશના વિકાસનાં સંસાધનોના ભોગે થાય છે યા આર્થિક વિકાસના સાધનોને મર્યાદિત કરે છે તેવું મોરારજીભાઈનું દૃષ્ટિબિંદુ



સાવ સાચું પડ્યું છે. ગરીબો કે નાના ઉદ્યોગકારોને ખેડૂતો કરતાં મોટા લોકો યેનકેન પ્રકારે બૅંક સાથે સાઠગાંઠ કરીને મોટી રકમની લોન લઈને ભરતા નથી અને બૅંકોનું એનપીએ વધતાં તેને બચાવવા સરકારે જંગી રકમની સહાય કરવી પડે છે, નોટબંધી કરવી પડે છે, જેનાથી પ્રજાને તથા અર્થતંત્રને નુકસાન થાય છે અને રાષ્ટ્રીયકરણનો કોઈ હેતુ સરતો નથી. ઉપરથી ધનકુબેરો ભારતનું ધોળું નાણું વિદેશોમાં ઘસડી જાય છે અને સરકાર હાથ ઘસતી રહી જાય છે. જ્યારે રાજા વેપારી બને ત્યારે પ્રજા ભિખારી બને છે અને સરકારી ખાતાંની પેઠે બૅંકો પણ સરકારી થતાં તેની પર કોઈનું નિયંત્રણ નથી. ખુદ પ્રજા આજે બૅંકોમાં પડેલાં પોતાનાં નાણાંને સલામત ગણતી નથી. પ્રજાને ઢગલાબંધ જુદાજુદા પ્રકારના ચાર્જ ચૂકવવા પડે છે. કાળુંનાણું પરદેશથી આવવાને બદલે ધોળું નાણું પરદેશ જઈ રહ્યું છે. સોનાની દાણચોરી ને આયાતો ઘટાડવા આ જ મોરારજી ૬૩-૬૪માં સુવર્ણ નિયંત્રણ ધારો લાવ્યા હતા. ભ્રષ્ટાચાર ડામવા ૧૯૬૭માં તેમના અધ્યક્ષપદે રચાયેલ વહીવટી સુધારા પંચે લોકપાલ અને લોકાયુક્તની ભલામણ કરી હતી, જેનો હજુ પૂરો અમલ થયો નથી. ઉંમરની જેમ ભાવો વધ્યા પછી ઘટતા નથી. તેવી માન્યતાને ખોટી ઠેરવીને તેમણે ભાવો ઘટાડ્યા હતા અને રેશનિંગ કાર્ડ ઘરમાં શોધવા પડે તેવી સ્થિતિનું નિર્માણ કર્યું હતું.

તેઓ માત્ર અર્થશાસ્ત્રી જ ન હતા. જે મંદિરમાં હરિજનોને પ્રવેશ ન હોય તેવા મંદિરમાં ચુસ્ત આસ્તિક મોરારજીભાઈ દર્શન કરવા પણ જતા નહીં. ખાદી ન પહેરે તેને હસ્તાક્ષર પણ આપતા નહીં. હરિજનોનાં બાળકોને જે શાળાઓ બીજાં બાળકોથી અલગ બેસાડે તે શાળાઓને બંધ કરી દેવાનો પણ તેમણે નિર્ણય કર્યો હતો. મુંબઈ રાજ્યમાં તેમના શાસનમાં રાત્રે ૧૧ વાગ્યે બજારો બંધ થઈ જતાં હતાં. આવા મોરારજીભાઈને પાકિસ્તાનનું સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન 'નિશાન-એ-પાકિસ્તાન' પ્રથમ અને પછી ભારતનું સર્વોચ્ચ સન્માન 'ભારત રત્ન' મળ્યું હતું, જો કે પાકિસ્તાની સન્માન સ્વીકારવા તેઓ જાતે પાકિસ્તાન ગયા ન હતા. આમ તેઓ 'અખંડ ભારત રત્ન' હતા. સાચા અસલી કૉંગ્રેસી મોરારજીભાઈના નસીબમાં પહેલી બિનકોંગી સરકારનું નેતૃત્વ કરવાનું આવ્યું, સત્તા પર રહીને પણ ગાંધીવિચાર અને ગાંધીકાર્ય પદ્ધતિને દૃઢતાપૂર્વક વળગી રહ્યા હોય તેવા બહુ રાજનેતાઓમાં મોરારજીભાઈનું નામ મોખરે મૂકી શકાય. તેઓ સાચા અર્થમાં રાજર્ષિ હતા.

# ૪. પ્રવૃત્તિ સરિતા

### ૪.૧ પ્રજાસત્તાક દિનની ઉજવણી

ભારતીય સમુદાય શિક્ષણ સંઘના મુખ્ય કાર્યાલયના પ્રાંગણમાં દર વર્ષની જેમ આ વર્ષે ૬૯માં પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના તમામ કાર્યકરો, યુવક વિકાસ ટ્રસ્ટના કાર્યકરો અને કેટલીક પ્રાથમિક શાળાનાં બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ધ્વજવંદન બાદ બાળકોએ પોતાને આવડતાં એવાં દેશભક્તિનાં ગીતો પણ ગાયાં હતાં.

### ૪.૨ વાચન શિબિર

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ફેબ્રુઆરી માસમાં બે વાચન શિબિર ગામ હાલીસા (દહેગામ) અને ગામ લોદરા (માણસા)ની હાઈસ્કૂલોમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે કરવામાં આવી હતી. આ શિબિર ત્રણ દિવસની રાખવામાં આવી હતી. કુલ ૧૧૪ વિદ્યાર્થીઓએ આ શિબિરમાં ભાગ લીધો હતો. જેમાં ૬૭ કુમાર અને ૪૭ કન્યાઓ હતી.

આ વખતે વાચન શિબિરમાં એક નવું આયામ ઉમેર્યું. વાચન શિબિર રાખવાના પંદરેક દિવસ પહેલા ભાગ લેનાર શિબિરાર્થીઓની વાચન ક્ષમતા અને વાચનની ટેવ અંગે એક નાનકડી કસોટી લેવામાં આવી, જેમાં તેઓ દિવસમાં અભ્યાસ સિવાય શું શું વાંચે છે, વાચનને કેટલો સમય ફાળવે છે, તેમ જ જે વાંચે છે તેને કેટલું સમજે છે વગેરેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું અને તદનુસાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું.

વાચન શિબિર વિદ્યાર્થીઓને વાચન-લેખન કૌશલ્યની મહત્તા સમજાય અને વાચવા-લખવામાં શા માટે એમણે રસ લેવો જોઈએ તે સમજાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. સાહિત્યના જુદા જુદા સ્વરૂપો લઈ કેટલાંક ઉત્તમ પુસ્તકોનું રસપાન કરાવવામાં આવે છે. આ વખતે હાલીસા ગામે પન્નાલાલ પટેલની ‘માનવીની ભવાઈ’, લોભ અને કરુણા, દેવ અને દાનવ, પાટણની પ્રભુતા, સૌરાષ્ટ્રની રસધાર, ઝેર તો પીધાં છે જાણી જાણી, સરસ્વતી ચંદ્ર, વગેરે પુસ્તકોનો ટૂંકમાં પરિચય કરાવ્યો તથા ટૂંકી વાર્તાઓમાં પોસ્ટ ઑફિસ, લોહીની સગાઈ વિશે રસપાન કરાવ્યું, જેમાં વિદ્યાર્થીઓને ખૂબ મજા આવી.



આ ત્રણ દિવસ દરમ્યાન છોકરાઓમાં વાંચવાનો રસ ઊભો થાય તે માટે ગ્રંથાલયની મુલાકાત ને એમાંથી વિદ્યાર્થીને પુસ્તકોનું ચયન કરવાની તક આપવામાં આવી. બધા વિદ્યાર્થીઓએ શિબિર દરમ્યાન ઓછામાં ઓછું એક એક પુસ્તક વાંચ્યું, જેમાં હાલીસાની શાળામાં ૧૬ અને લોદરાની શાળામાં ૨૪ વિદ્યાર્થીઓએ રસપૂર્વક પુસ્તકાવલોકન રજૂ પણ કર્યું.

જ્ઞાન સાથે ગમ્મતના વિચારને લઈને વિદ્યાર્થીઓ પોતાની ક્ષમતા સમજે તે માટે કેટલીક જૂથ અને વ્યક્તિગત સ્પર્ધાઓ રાખવામાં આવી અને એમાં બધા જ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. સાહિત્યની પ્રશ્નોત્તરી અને શબ્દાવલિમાં બધાએ ખૂબ ઉત્સાહ દાખવ્યો.

હાલીસા ગામની શિબિરમાં તજજ્ઞોએ આપેલ સેવામાંથી શ્રી દિવાનભાઈ ઠાકોરે (ટૂંકીવાર્તાઓનો રસાસ્વાદ), શ્રી નટુભાઈ પરમારે (નાટકોનો પરિચય-રસાસ્વાદ), શ્રી રાઘવજી માધડે (જીવનમાં વાચનનું મહત્ત્વ), શ્રી ભાસ્કરભાઈ શુક્લએ (વિશ્વ સાહિત્યનો રસાસ્વાદ) અને શ્રી કલ્પેશભાઈ પટેલે (કાવ્ય અને ગઝલનો રસાસ્વાદ) કરાવ્યો.

લોદરા ગામની શિબિરમાં શ્રી નીતિનભાઈ પટેલે (કાવ્ય પઠન અને રસાસ્વાદ), શ્રી ભરતભાઈ પંડ્યાએ (ટૂંકી વાર્તાઓની રચના અને વાચન), ડૉ. મંદાબેન પરીખે (શિષ્ટ વાચન-શિક્ષણ અને સમાજ), શ્રી સુરેશભાઈ ચૌધરીએ (નવલકથાનો રસાસ્વાદ), શ્રી પ્રકાશભાઈ પટેલે (વિશ્વ સાહિત્યનો રસાસ્વાદ) અને શ્રી રજનીકાંત પટેલે (દેશ-વિદેશનું સાહિત્ય અને ભાષા પ્રભુત્વ) વિશે વાત કરી.

બંને શિબિરોમાં ભાગ લેનારા સહુના ખૂબ સારા પ્રતિભાવ મળ્યા છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંનેએ આ કાર્યક્રમ ફરી ફરી કરવા આમંત્રણ આપ્યું છે.

### ૪.૩ ૨૦૧૯ના સંયુક્ત કાર્યકર વિકાસ કાર્યક્રમ સંદર્ભે મળેલ બેઠક

તા. ૫,૬ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ મદ્રાસમાં મદ્રાસ મેનેજમેન્ટ ઍસોસિયેશનના નવા બંધાયેલા મકાનમાં JSDP નેટવર્કની સંસ્થાઓના અધ્યક્ષો મળ્યા. એજન્ડા હતો આવનાર સંયુક્ત કાર્યકર વિકાસ કાર્યક્રમનો વિષય, સ્થળ, સમય વગેરે નક્કી કરવાનો.

શરૂઆતમાં દરેક સંસ્થાએ છેલ્લા વર્ષ દરમ્યાન થયેલ પોતાની કામગીરીનો ખ્યાલ આપ્યો. ત્યારબાદ આવનાર JSDP માટે વિષયને લઈને ખાસી ચર્ચાઓ

થઈ. કાર્યકર્તાઓની જરૂરિયાતોને કેન્દ્રમાં રાખી આ વખતે Change Makers - Learning, Unlearning and relearning વિષય પસંદ કરવામાં આવ્યો. કોડાઈ કેનાલની સ્થળ તરીકે પસંદ થઈ. તા. ૧૧ થી ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૯નો સમય આ કાર્યક્રમ માટે પસંદ કર્યો છે. આ શિબિર ત્રણ દિવસની રહેશે. જે દરમ્યાન નીચેના પેટા મુદ્દાઓની ચર્ચા થશે :

(૧) નેતૃત્વમાં પરિવર્તન

(૨) કેટલાક સફળ નેતાઓના કિસ્સા

(૩) સ્વૈચ્છિક સંસ્થાઓ અને નીતિમત્તા

(૪) ટેક્નોલોજી પ્રેરિત નવાં નવાં સંશોધનો

(૫) કાયદાનું શાસન - વ્યવસ્થાપન, વ્યવસ્થા અને સ્વૈચ્છિક સંસ્થાઓનું કાર્ય

(૬) ડિજિટલ ચેનલો અને સામાજિક માધ્યમોનું વ્યવસ્થાપન

(૭) ભારતની પર્યાવરણીય કટોકટી અને સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા

આ ઉપરાંત આમાં બધી સંસ્થાઓના કાર્યકરો પસંદગીના વિષય પર રજૂઆત કરશે. આ માટેના તજ્જ્ઞો નક્કી કરવાની જવાબદારી મદ્રાસ મેનેજમેન્ટ ઍસોસિયેશનને આપવામાં આવી.

તા.૫-૨-૨૦૧૯ના રોજ MMA અને KASના સંયુક્ત ઉપક્રમે India's Security Concerns પર એક દિવસીય Conclave રાખવામાં આવ્યો હતો. જેમાં પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી એમ. કે. નારાયણ, ભારતના લશ્કરી કાર્યોના નિયામક જનરલ શ્રી લેફ્ટનન્ટ, એસ.આર. એમ. ઇન્સ્ટિટ્યૂટના જનરલ વી. આર. રાઘવન પત્રકારત્વના પ્રૉફેસર શ્રી શ્રીધર કૃષ્ણાસ્વામી, કોર્બોરન્ડમ યુનિવર્સલ લિમિટેડના વ્યવસ્થા નિયામક શ્રી કે. શ્રીનિવાસન, ગોવા યુનિવર્સિટીના કુલનાયક શ્રી વરુણસાહનીએ ભાગ લીધો હતો અને પોતાના મંતવ્યો રજૂ કર્યાં હતાં. આ કોન્ક્લેવમાં ISCEના ટ્રસ્ટી શ્રી મયંકભાઈ અને શ્રી મંદાબહેન હાજર રહ્યાં હતાં.

### ૪.૪ ૧૯મું પ્રા. રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાન

ગત ૩૦ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ ઍસોસિયેશન ખાતે ૧૯મું પ્રા. રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાન યોજાયું. આ વ્યાખ્યાન આપવા દિલ્હીથી જાણીતા સેફોલોજીસ્ટ અને રાજકીય પૃથ્થકરણના તજ્જ્ઞ શ્રી યોગેન્દ્ર યાદવ આવ્યા હતા. વ્યાખ્યાનનો વિષય હતો 'શિક્ષણનું ભારતીયકરણ'



સભાનું પ્રમુખસ્થાન ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર, જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ સંભાળ્યું હતું.

સ્મૃતિ વ્યાખ્યાનની શરૂઆત ડૉ. અમિતા શાહે ગાયેલા શ્રી રવિન્દ્રનાથ ટાગોરના ગીત 'ગીત અહીં આવી જે ગાવા તે તો નથી ગવાયાં'થી થઈ. સંસ્થાના મંત્રી શ્રી મયંકભાઈ ઉપાધ્યાયે રામલાલભાઈને શ્રદ્ધાંજલિ આપી અને બંને મહેમાનોનો પરિચય આપ્યો.

સ્મૃતિ વ્યાખ્યાનમાં શ્રી યોગેન્દ્ર યાદવે, સ્વ. શ્રી રામલાલભાઈ પરીખને શ્રદ્ધાંજલિ અર્પતા કહ્યું કે 'મેરે લિયે એ સૌભાગ્ય કી બાત હૈ કી ગુજરાતમેં ઈસ વિષય પર બોલનેકા મૌકા મિલા' ગુજરાતના ગાંધીયુગના તમામ શિક્ષણશાસ્ત્રીઓને યાદ કરી એમણે ભારતીય શિક્ષણ વ્યવસ્થાની ચર્ચા શરૂ કરી. કૃષ્ણકુમારની 'ધ પોલિટિકલ એજન્ડા ઑફ એજ્યુકેશન'માંથી સંદર્ભ લઈ એમણે કહ્યું કે આપણું શિક્ષણ 'ભીડ' સર્જે છે, અને એટલે જ પદવી છતાં બધા ખાલી ડબ્બા જેવા બહાર નીકળે છે.

શિક્ષણના ભારતીયકરણ બાબતે જે અધૂરાં, અધકચરા, સમજ વિનાના પ્રયાસ થયા છે તેની કડક આલોચના કરી. ભારતીયકરણની વાતો કરનારાઓએ એ બાબતે ગંભીર રીતે વિચાર્યું નથી. એમનો પ્રયાસ આ મુદ્દાને એના ખરા અર્થમાં જીવિત કરવાનો હતો.

શિક્ષણમાં મન, બુદ્ધિ અને શરીરની સંવાદિતા, સામુદાયિક શિક્ષણ, માતૃભાષા અને વ્યાવસાયિક શિક્ષણ આ બધા જ મહત્ત્વના મુદ્દા છે. આજનું શિક્ષણ કઈ રીતે ગુલામ, ભિખારી, ઘુસપેટિયા છે તેની ઉદાહરણ સહિત ચર્ચા કરી. શિક્ષણ દ્વારા જો ટાપુઓ બનાવીશું અને શિક્ષણને સર્વસમાવેશી નહીં બનાવીએ તો એનો કોઈ અર્થ રહેશે નહીં. શિક્ષણ દ્વારા વધતી જતી અસમાનતા, ડ્રૉપઆઉટ છોકરાંઓની પરિસ્થિતિ, શિક્ષા પદ્ધતિ, માતૃભાષાની આવશ્યકતા, શ્રમની અગત્ય અને જાતિવાદ સામેની લડાઈ, પરદેશોનું અનુકરણ વગેરેની ચર્ચા કરી. એમણે કહ્યું, વિશ્વભરનું જ્ઞાન ભલે અહીં લાવો પણ પ્રશ્નો તો આપણા હોવા જોઈએ. પ્રશ્નોના ઉકેલ શોધવા તમે જે જ્ઞાનનો ઉપયોગ કરવો હોય તે કરો. આપણા દેશ માટે સૌથી પવિત્ર ગ્રંથ 'આપણું બંધારણ' છે. શિક્ષણને બંધારણનાં મૂલ્યો સાથે જોડવું પડશે. શિક્ષણનું લોકશાહીકરણ કરવું જરૂરી છે.

આજનું શિક્ષણ આપણા અંતર મનને સ્પર્શતું નથી. વ્યવસાય અને શિક્ષણ,

સમાજ અને શિક્ષણ એકબીજાથી અલગ થઈ ગયા છે. 'सा विद्या या विमुक्तये ।' એનાથી મોટું શું સૂત્ર હોઈ શકે ! પણ આપણે એ ભૂલી ગયા છીએ. ભારતીયકરણ એ સાચા અર્થમાં વૈશ્વીકરણ છે. આ શિક્ષણ જ સ્વરાજ અપાવશે.

શ્રી રઘુવીરભાઈએ પ્રમુખ પદેથી યોગેન્દ્રભાઈની સરાહના કરતાં કહ્યું કે એમનામાં છોડવાની પણ તાકાત છે. ગાંધીજીએ પણ કેટલું છોડ્યું. છોડવાથી નુકસાન નથી. એમણે વિદ્યાપીઠના ગ્રામ શિલ્પીની વાત કરી. ૧૯૨૯માં ભાષાને અનુશાસનમાં લાવવા સાથે જોડણીકોશ બહાર પાડ્યો. ઉદ્યોગ વિદ્યાપીઠમાં અને માતૃભાષામાં શિક્ષણ અને એના જેવી અન્ય સંસ્થાઓમાં શિક્ષણનું એક અગત્યનું અંગ છે. શ્રમ શિક્ષણ અને સમાજને જોડે છે. ભારતીયતાને સમજાવતાં એમણે શ્રી રવીન્દ્રનાથ ટાગોરની નવલકથાની 'ગોરા'ની વાત કરી અને વાડાબંધીમાંથી બહાર નીકળતા કથાનાયકને કઈ રીતે ભારતીયતાનો અનુભવ થયો એની વાત કરી. શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ ગુજરાતમાં ચાલતા કેટલાક શિક્ષણ પ્રયોગો બાબતે વાત કરી. એમણે એમ પણ જણાવ્યું કે શિક્ષણ બાબતે એક નવી ચર્ચાનો પ્રારંભ થયો છે. આ પ્રવચન માટેનું વિચારભાથું છે. અંતમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રી મંદાબહેને આભાર માનતાં કહ્યું કે યોગેન્દ્રભાઈમાં એક બેચેની દેખાય છે. પરિવર્તનને નેતૃત્વ આપતી એ બેચેની છે. સ્વ. રામલાલભાઈમાં પણ આ બેચેની હતી.

આ પ્રવચનમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ ઈલાબહેન ભટ્ટ, કુલનાયક શ્રી અનામિકભાઈ શાહ અને અન્ય ગણમાન્ય નાગરિકો, શિક્ષકવિદો ઉપસ્થિત હતા.

### ૪.૫ માતૃભાષાદિનની ઉજવણી કાર્યક્રમ

'કોઈ અમેરિકન કે પાશ્ચાત્ય દેશોના વતનીએ બાળકને ચાઈનીઝ માધ્યમમાં ભણાવ્યો છે ?'

- યોગેન્દ્ર યાદવ

૨૧મી ફેબ્રુઆરી એ વિશ્વ માતૃભાષા દિન તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવાય છે. ભારતીય સમુદાય શિક્ષણ સંઘ દ્વારા માતૃભાષાની મહત્તા સમજાવતો એક કાર્યક્રમ અમદાવાદની ગિરધરનગર શાહીબાગ ઉ.મા.શાળામાં કરવામાં આવ્યો, જેમાં ધોરણ ૯ અને ૧૧ માં અભ્યાસ કરતાં ૫૫ વિદ્યાર્થી (૧૩ અંગ્રેજી માધ્યમ અને ૪૨ ગુજરાતી માધ્યમ) જોડાયા હતા.



શ્રી રજનીભાઈ પટેલે શરૂઆતમાં આપણી ભાષા અને અન્ય ભાષા વચ્ચેનો તફાવત સમજાવ્યો. વ્યવહાર, સર્જનાત્મક વિચાર વિમર્શ, રોજિંદા જીવનમાં થતાં ફેરફારોના સંદર્ભમાં સમજાવ્યા. ભાષા એ અભિવ્યક્ત કરવાનું માધ્યમ છે. એમણે કહ્યું આપણને ગમે તેટલી ભાષા આવડતી હોય પણ આપણે આપણા વિચારો આપણી ભાષામાં જ રજૂ કરીએ છીએ.

વાલીઓમાં પોતાનાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની હરીફાઈ જોવા મળે છે. માત્ર દેખાવ અને સ્ટેટસ માટે પોતાના બાળકને અંગ્રેજી માધ્યમમાં મૂકે છે. શું ગુજરાતીમાં ભણતું બાળક પ્રગતિ કરવામાં કે કરિયર બનાવવામાં નિષ્ફળ જતો નથી. બાળક માટે કયું માધ્યમ સારું નીવડી શકે ? તે મા બાપે સમજવાનું છે. લોકો તો પૂછશે કે તમે કેમ તમારા બાળકને ગુજરાતી માધ્યમમાં મૂક્યું છે ? પણ અંગ્રેજી માધ્યમમાં ભણાવીએ તો નોકરી સહેલાઈથી મળી જશે એ ખોટી ભ્રમણા છે. દેખાદેખી પણ તેમાં મહત્ત્વનું પરિબળ છે. અંગ્રેજી ભાષા પાછળનું ગાંડપણ એ હદે વધી ગયું છે કે ગુજરાતી ભાષા હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. પ્રશ્ન એ નથી કે કેમ અંગ્રેજી માધ્યમમાં ભણાવે છે ? પ્રશ્ન એ છે કે ગુજરાતીના ભોગે અંગ્રેજી શા માટે ? ગુજરાતમાં સ્થિતિ એ છે કે નાનાં નાનાં ગામડાઓમાં પણ અંગ્રેજી માધ્યમની શાળાઓ ખૂલી ગઈ છે.

ગાંધીજી અંગ્રેજીમાં પ્રખર જ્ઞાતા હોવા છતાં તેઓ ગુજરાતી ભાષામાં લખાણ કરતા હતા, એટલે સુધી કે તેઓએ નવા અને મૌલિક શબ્દો પણ ગુજરાતીને આપ્યા છે. રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સનો સુંદર ગુજરાતી પર્યાય 'ગોળમેજી પરિષદ' એટલો તો લોકપ્રિય બન્યો કે આજે પણ તે લોકજીભે છે.

ત્યારબાદ અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમના ૧૩-૧૩ વિદ્યાર્થીઓ વચ્ચે 'માધ્યમની પસંદગી' સંદર્ભે ચર્ચા ગોઠવવામાં આવી અને અંતમાં વિદ્યાર્થીઓના શબ્દભંડોળને ચકાસતી રમતો રમાડવામાં આવી અને બંને ભાષા સાથેની વિદ્યાર્થીઓની નિકટતા અને સહજતા એમાંથી બહાર આવી.

### ૪.૬ શ્રદ્ધાંજલિ

#### ૧. ડૉ. કૃષ્ણાબહેન આહુજા

ડૉ. કૃષ્નાબહેન આહુજા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શાંતિ અને સ્વતંત્રતા ખાસ કરીને બહેનોની સ્વતંત્રતા માટે કામ કરતાં કર્મશીલ તરીકે જાણીતા છે. તેમણે જીનીવા અને સ્વિટ્ઝરલેન્ડ સ્થિત આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાની સાથે ૧૮ વર્ષ કામ કર્યું અને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ૨૫ વર્ષ કામ કર્યું. બહેનોના

સશક્તિકરણ અને સામાજિક ન્યાયના ક્ષેત્રે તેમણે કરેલી કામગીરી નોંધનીય બની. પાછલા વર્ષોમાં તેમણે કેનેડાની સેંટ મેરી યુનિવર્સિટીમાં અને અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે પણ સેવાઓ આપી. તેઓ સંયુક્ત રાષ્ટ્રસંઘ સાથે કામ કરતાં હતાં તે દરમ્યાન તેઓ વિલ્ફ ઈન્ટરનૅશનલ સંપર્કમાં આવ્યા અને ખૂબ ઝડપથી વિલ્ફમાં નેતા તરીકે તેઓ સ્વીકૃત થયા. છેલ્લાં ૧૦૦ વર્ષમાં આંતરરાષ્ટ્રીયક્ષેત્રે વિલ્ફના પ્રમુખ બનવાનું સન્માન સમગ્ર એશિયામાં માત્ર એમને મળ્યું છે. એમના કાર્યકાળ દરમ્યાન તેમને સંઘર્ષ નિવારણ માટે અને શાંતિની પ્રસ્થાપના માટેની ચર્ચાઓમાં બહેનોને યોગ્ય સ્થાન મળે એ માટે અથાગ મહેનત કરી અને સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિના ઠરાવ નં. ૧૩૨૫ને વાસ્તવિકતામાં અસરકારક બનાવવા માટે એમણે નોંધપાત્ર કામગીરી કરી. વિશ્વ એમને માનવ અધિકારો અને શાંતિના ચાહક તરીકે હંમેશાં યાદ કરશે.

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ સાથે એમનો ખૂબ ઘનિષ્ઠ નાતો રહ્યો હતો. સંસ્થા દ્વારા આયોજિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિષદોમાં એમણે સક્રિય ભાગ લીધો હતો અને સંસ્થાને એના કામોને એક નવી દિશા ચીંધવાનું કામ કર્યું હતું. ભારતીય સમુદાય શિક્ષણ સંઘ એમને હંમેશા એમના ધારદાર મંતવ્યો માટે બહુ જ સ્પષ્ટ દર્શન માટે યાદ કરશે. સંસ્થાના તમામ ટ્રસ્ટીઓ અને સેવકોને એમને શ્રદ્ધાંજલિ અર્પે છે અને ઈશ્વર મહિલાઓના વિકાસમાં એમના જેવી કામ કરવાની શક્તિ સૌને આપે, એવી પ્રાર્થના કરે છે.

## ૨. ડૉ. પુરુષોત્તમભાઈ જી. પટેલ

શિક્ષણ વિદ્યાશાખા (IASE), ભારતીય સમુદાય શિક્ષણ સંઘ અને માતૃભાષા અભિયાન સંસ્થાના સંયુક્ત ઉપક્રમે તા. ૧લી માર્ચ ૨૦૧૯ને રોજ સ્વ. ડૉ. પી.જી. પટેલનો સ્મરણાંજલિ કાર્યક્રમ શિક્ષણ મહાવિદ્યાલયના પ્રાર્થના ખંડમાં યોજાયો, જેમાં માતાતુલ્ય સુધાબહેન, સમીરભાઈ, દિગીશભાઈ અને અન્ય કુટુંબીજનો, ગૂજરાત વિદ્યાપીઠના કુલ નાયક શ્રી ડૉ. અનામિક શાહ, ગૂજરાત વિદ્યાપીઠ અને ભારતીય સમુદાય શિક્ષણ સંઘના ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખ અને શ્રી મયંકભાઈ ઉપાધ્યાય, પ્રગતિશીલ શિક્ષણના તંત્રી ડૉ. અનિલભાઈ પટેલ, શિક્ષણ વિદ્યાશાખાના આચાર્ય ડૉ. જયપ્રકાશભાઈ પંડ્યા અને સ્ટાફના સર્વમિત્રો, પૂર્વ ડીન અને અધ્યક્ષ ડૉ. આર. ડી. મૂલીયા તેમજ



શિક્ષણ મહાવિદ્યાલયના પૂર્વ આચાર્યશ્રીઓ ડૉ. ઈલાબહેન નાયક. ડૉ. મોહનભાઈ પટેલ, ડૉ. કાન્તિભાઈ પરમાર તેમજ ડૉ. પ્રવીણભાઈ ડાભી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વર્તમાન વિદ્યાર્થીઓ તેમજ સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને તેમના પ્રિય મિત્ર ડૉ. વિનુભાઈ પટેલે ડૉ. પી. જી. પટેલનાં કાર્યો અને તેમની સાથેના સંસ્મરણોને ભારે હૈયે રજૂ કર્યાં હતાં. ડૉ. પી. જી. પટેલ સાહેબ શિક્ષણ યજ્ઞના ઋત્વિજ, શિક્ષક પ્રતિબદ્ધતાના પ્રતીક, વિદ્યાપુરુષ, સારા પ્રવક્તા, પ્રયોગવીર, સંશોધક, લેખક, શિક્ષણશાસ્ત્રી, કેળવણીકાર, અભૂતપૂર્વ આચાર્ય, પરિવર્તનના પ્રણેતા હતા. તેઓ આ ઉપરાંત વિપશ્યના માસ્ટર ટ્રેનર, માતૃભાષા અભિયાનના સંવર્ધક, સમાજસેવક હતા. ડૉ. પી. જી. પટેલે કુટુંબના અને બહારના, કેટલાયના જીવનમાં પરિવર્તન લાવ્યા છે. ખાસ કરીને વિદ્યાર્થીઓનાં તે સહુ એમનું ઋણ યાદ કરે છે. સમુદાય શિક્ષણ પણ એમને ઋણ ભાવે યાદ કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પે છે. સંસ્થામાં એમનું યોગદાન હંમેશાં યાદ રહેશે.*

## ૩. ક્ષિતીશભાઈ દિવેટીઆ

ભારતીય સમુદાય શિક્ષણ સંઘના પ્રમુખ શ્રી પી. જે. દિવેટીઆના મોટાભાઈ શ્રી કે. જે. દિવેટીઆનું તા. ૨જી માર્ચ-૨૦૧૯ના રોજ દુઃખદ અવસાન થયું છે. સ્વ. શ્રી કે. જે. દિવેટીઆએ અંબાલાલ સારાભાઈ એન્ટરપ્રાઈઝમાં દરેક સ્તરે કામ કર્યું અને એના પ્રમુખ તરીકે સેવાઓ આપી. જાણીતા વૈજ્ઞાનિક શ્રી વિક્રમભાઈ સારાભાઈ સાથે એમણે ખૂબ ઘનિષ્ઠતાથી કામ કર્યું છે અને વિક્રમભાઈ સાથેના તેમના અનુભવો વર્ણવતું એક પુસ્તક પણ લખ્યું છે. આ વ્યાવસાયિક કારકિર્દી ઉપરાંત લાયન્સ ક્લબના પ્રમુખ તરીકે તેમજ વડોદરા શહેરના અગ્રગણ્ય નાગરિક તરીકે સમાજ સેવાના પણ ઘણાં કાર્યો એમણે કર્યાં છે. જેમાં વડોદરા જિલ્લાના કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની સ્થાપના, બહેરા મૂંગાની શાળાની સ્થાપના અને અનેક નેત્રયજ્ઞો નોંધનીય છે. આ ઉપરાંત તેઓએ મા આનંદમયી આશ્રમના ભીમપુરા કેન્દ્રના નિયામક તરીકે પણ સેવાઓ આપી હતી. ભારતીય સમુદાય શિક્ષણ સંઘ એમને શ્રદ્ધાંજલિ અર્પે છે. ઈશ્વર એમના આત્માને ચિરશાંતિ આપે એવી પ્રાર્થના કરે છે.

* લેખિકા - પ્રા. આરતીબહેન પટેલ

## ૪. હકુભાઈ શાહ

લોક કલા અને આધુનિક કલા વચ્ચે કડીરૂપ એવા ચિત્રકાર શ્રી હકુભાઈ શાહ હવે આપણી વચ્ચે નથી. તેઓનો જન્મ સુરત જિલ્લાના વાલોડ ગામમાં તા. ૨૬મી માર્ચ, ૧૯૩૬ના રોજ થયો હતો. તેઓ ચિત્રકલાના અભ્યાસ માટે વડોદરા ગયા અને ચિત્રકલામાં અનુસ્નાતકની પદવી હાંસલ કરી. તેઓની કલાયાત્રાનો પ્રારંભ કલકત્તા, મુંબઈ જેવાં મોટાં શહેરોમાં પ્રદર્શનોથી થયો પણ એમનો ખરો રસ તો લોકકલામાં હતો. એમણે ભારતભરની આદિવાસી અને ગામઠી કલાનો અભ્યાસ કરી પોતાનાં સર્જનોમાં એને યોગ્ય સ્થાન આપ્યું હતું. તેમનાં ચિત્રોમાં પાત્રોની સાથે ગાય, વૃક્ષ, બંસીનાં ચિત્રોનો ઉપયોગ વ્યાપક રીતે જોવા મળે છે. ચિત્રકલાના ક્ષેત્રમાં તેમનું નામ દેશ-વિદેશમાં જાણીતું થયું. એ જીવનના ધબકારને એમની કલામાં લાવી શક્યા. છેલ્લે જીવનના ઉત્તરાર્ધમાં જ તેઓ સંગીતને રંગભરી પીંછીના લસરકાઓથી મઢી ચિત્રોને તેમણે અધ્યાત્મનો પટ ચઢાવ્યો હતો. વિદેશના તેમના ચાહકો માટે ૨૪ જેટલાં કલા પ્રદર્શનો, બાળકો માટે છ પ્રકાશનો, બે ફિલ્મો વગેરે પ્રકાશિત કર્યાં હતાં. આવા વામન દેહના આ કલાકારે કરેલા વિરાટ કામને આપણે કમનસીબે બહુ ઓછું જાણ્યું છે. આદિવાસીઓ જોડે તેઓ તેમના જેવા બની જતા. ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં આદિવાસી સંગ્રહાલયની રચના એમણે કરી હતી અને તે જ રીતે ઉદયપુરમાં શિલ્પ ગ્રામની રચના પણ તેમણે કરી હતી. બંને આજે પણ એક અનોખી ભાત ધરાવે છે. એમની ઉત્કૃષ્ટ કલાયાત્રાના લીધે જીવન દરમિયાન એમને અનેક માન સન્માન પ્રાપ્ત થયાં. રોકોફેલર ફાઉન્ડેશનના ફેલો, નેહરુ ફેલોશિપ ઍવોર્ડ ન્યૂ દિલ્હી, અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનનો સિવિક એવોર્ડ અને ૧૯૮૯માં ભારત સરકાર તરફથી પદ્મશ્રીના એવોર્ડથી સન્માનિત થયા છે. છેલ્લે ગુજરાતની લલિતકલા અકાદમી દ્વારા કલા શિરોમણી સન્માન અને ૨૦૦૬માં શાંતિનિકેતન દ્વારા અપાતો ગગન અવની પુરસ્કાર પણ એમને મળ્યા હતા. આવા મોટા ગજાના કલાકાર સદાય સમુદાય માટેના કામોમાં સમર્પિત હતા. તા. ૨૧ માર્ચ, ૨૦૧૯નાં રોજ એમનું નિધન થયું. એમના જવાથી આપણને ના પુરાય તેવી ખોટ પડી છે. ભારતીય સમુદાય શિક્ષણ સંઘ એમને સાચા હ્રદયથી શ્રદ્ધાંજલિ આપે છે.



# ૫. સમુદાય શિક્ષણમાં અવનવું

## ૫.૧ માતૃભાષા શિક્ષણમાં સફળ પ્રયોગો

માતૃભાષા અભિયાન અને શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા દિન નિમિત્તે તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ એક દિવસીય કાર્યશાળા યોજવામાં આવી. આ દિવસે ગુજરાતભરની પ્રાથમિક શાળાઓમાં કામ કરતા શિક્ષકો કે જેઓ ગુજરાતી ભાષાના માધ્યમ દ્વારા બાળકોને પાયાનું શિક્ષણ આપવાનું કામ કરે છે, તેમનું સંમેલન ગોઠવવામાં આવ્યું. એમ માતૃભાષા શીખવવાના અવનવા પ્રયોગો કરતા શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું. સંમેલનમાં ૧૮ શિક્ષકોએ તેમના શિક્ષણ પ્રયોગો રજૂ કર્યા, જેમાંથી બે પ્રયોગો અહીં નોંધ્યા છે.

(૧) શ્રીમતી પીન્ટુબહેન બાપુજીભાઈ પટેલ જેઓ પીપેરો ગામની લવારિયા 'ફ' વર્ગની (તા. ધાનપુર)ની પ્રા.શાળામાં તેમની ફરજ બજાવે છે અને તેમની 'લેખન કૌશલ્ય' આધારિત બાળકોની વાર્તાઓ દિવ્ય ભાસ્કરમાં આવે છે. બાળ ભાસ્કર પૂર્તિમાં આવતાં બાળકોના સપનાં વાંચીને તેમણે એમના વર્ગનાં બાળકોના સપનાં લખવા પ્રેરિત કર્યાં અને બાળકોને લેખ કેવી રીતે લખવો તે શીખવ્યું. દર મહિને બે લેખ પસંદ કરી બાળ ભાસ્કરમાં મોકલવા માંડ્યા. આને લીધે જે બાળકો લખવા તૈયાર નહોતા તેમને હવે રસ પડવા લાગ્યો અને બીજાં બાળકો પણ કંઈક લખવા તૈયાર થયા. આ પ્રવૃત્તિથી લેખન કૌશલ્યનો વિકાસ થયો અને પરિણામ એ આવ્યું કે લેખન કૌશલ્યના વિકાસ સાથે સ્વતંત્ર લેખન, ચિત્ર પરથી વર્ણન, નિબંધ લેખન, પ્રશ્નોના જવાબોનું સ્વઅધ્યયન પોથીમાં લેખન, બાળવાર્તાનું લેખન બાળકો ખૂબ સારી રીતે કરતાં થયા.

(૨) શ્રી રાજેશકુમાર એ. પરમાર તાલુકો ગરબાડા પ્રાથમિક શાળામાં શિક્ષણ તરીકે ફરજ બજાવે છે. તેમણે બાળકોને 'ચાલો, કંઈક નવું વાંચીએ' માટેનો સફળ પ્રયોગ કરેલ છે, જેમાં શાળામાં બાળકો પાસે પાઠ્ય પુસ્તક તથા શાળાના પુસ્તકાલયના પુસ્તકો વાંચન માટે આપતા. આ માટે શાળામાં એક અલગ ઓરડાની વાચન માટે વ્યવસ્થા કરી, જેમાં વર્તમાનપત્રો, સામયિકો, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સામાન્ય જ્ઞાન જેવી ભાષાના વિકાસ માટે સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો, રૂઢિપ્રયોગો અને સાહિત્યકારોનો ટૂંકમાં પરિચય જેવું પાઠ્ય પુસ્તક આધારિત સાહિત્ય નિર્માણ કરી શાળામાં એક

ભાષા કોર્નર સ્થાપિત કર્યું. બાળકોમાં વાચન વધ્યું અને ન્યૂઝમાંથી જરૂરી માહિતી કટિંગ કરી તેમાંથી પ્રશ્નો તૈયાર કરતા થયા. શાળામાં ક્વિઝનું આયોજન પણ કરવામાં આવ્યું. સમયાંતરે પ્રાર્થના સંમેલનમાં બાળકો દ્વારા પ્રશ્નોત્તરી કરવામાં આવી. પરિણામે બાળકોના ઉત્સાહમાં વધારો થયો. બાળકો શાળામાં વાચન માટે વહેલા આવતા થયા. વર્તમાનપત્ર વાંચવામાં રસ પડવાથી નવું નવું જાણતાં થયા અને રસ મુજબના સાહિત્યનું વાચન થયા. ક્વિઝ કોમ્પીટિશનની સ્પર્ધામાં ભાગ લેનારની સંખ્યામાં વધારો થયો. બાળકોના ભાષા કૌશલ્યનો વિકાસ થયો અને પ્રાર્થનામાં બાળકો વ્યક્તિગત રીતે સામેથી આવીને કંઈક રજૂ કરતા થયા.

### ૫.૨ ગાંધી નિર્વાણદિનની ઉજવણી

યુવક વિકાસ ટ્રસ્ટ અને મહાદેવ દેસાઈ સમાજ સેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે છેલ્લાં ચાર વર્ષથી ૩૦ જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિન નિમિત્તે એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન ગૂજરાત વિદ્યાપીઠના પ્રાંગણમાં કરવામાં આવે છે. આ વર્ષે વિષય હતો 'આપણા દેશની પ્રવર્તમાન લોકશાહી રાજ્યવ્યવસ્થા ગાંધી વિચારથી દૂર ખસતી જાય છે.' અમદાવાદ શહેર સ્થિત ૧૪ કૉલેજના ૪૦ સ્પર્ધકોએ આમાં ભાગ લીધો હતો.

આ સ્પર્ધા બે તબક્કે કરવામાં આવી, જેના પ્રથમ તબક્કાના સ્પર્ધકોના ચાર જૂથ પાડી દરેક જૂથમાં અલગ સ્પર્ધા કરી અને ત્યારબાદ તમામ જૂથમાંથી પહેલા ત્રણ નંબરવાળાને બીજા રાઉન્ડમાં બોલવાની તક આપવામાં આવી અને તેમાંથી ફાઈનલ ત્રણ નંબર નક્કી થયા.

| | | |
|---|---|---|
| (૧) પ્રિયા પાંડે | જે. જી. કૉલેજ ઑફ કૉમર્સ | રૂ. ૧૫૦૦/- |
| (૨) આર્જવ ગાંધી | એચ. એલ. કૉમર્સ કૉલેજ | રૂ. ૧૦૦૦/- |
| (૩) વૃત્તા વાડદોરિયા | જે. જી. કૉલેજ ઓફ કૉમર્સ | રૂ. ૭૫૦/- |
| અંજલી બહીરા | ફેકલ્ટી ઑફ કૉમર્સ કૉલેજ | રૂ. ૭૫૦/- |

ગાંધીવિચાર અને આજની રાજ્યવ્યવસ્થા વચ્ચેના ભેદની વાત ચર્ચાઈ અને ગાંધીજીના વિચારો ઘણા સ્પર્ધકોએ સુંદર રીતે રજૂ કર્યા. આખી ચર્ચાની સાર સત્તા બેફામ બને, આદર્શો ભૂલી જાય, શિક્ષણની નીલામી થાય. જાતિવાદની ઝંઝીરોમાં રાષ્ટ્રવાદ જકડાઈ જાય, માનવતા-સત્ય-અહિંસા જેવા ઉત્કૃષ્ટ ખ્યાલોને માત્ર પ્રદર્શનમાં મૂકવામાં આવે, જળ-જમીન-જનાવર-જંગલની સંસ્કૃતિ નિરાધાર બને, યુવાનોની યુવાની અને કલાકારનું હુન્નર લાચાર બને,



ગ્રામ વિકાસના નારા હેઠળ દંભ-જુઠાણામાં ઉદ્યોગપતિ જલસા વધે, નિર્બળ અને અશક્ત પર સશક્ત વ્યક્તિ રાજ કરે ત્યારે લોકશાહી નાશ પામે છે. આ ઉપરાંત આજે કૉમર્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં યુવાનો એટલાં મશગુલ થઈ ગયા છે કે ભારતના સળગતા પ્રશ્નો પર તેમની નજર સુધ્ધાં જતી નથી.

સ્પર્ધાના અંતે શ્રી કનુભાઈ નાયક જે મ.દે.સમાજસેવાના પૂર્વ આચાર્ય અને નિયામક હતા તેમને સ્પર્ધકોને આશીર્વચન આપતાં કહ્યું કે તમામ સ્પર્ધકોએ વિષય વસ્તુની સારી એવી તૈયારી કરી છે અને ગાંધી વિચારધારાને સમજ્યા છે. આઝાદીના ૭૦ વર્ષમાં દેશમાં ઘણું સારું કાર્ય થયું છે, જેમ કે અનાજની આયાત બંધ થઈ, શસ્ત્રો ખરીદ્યાં, આરોગ્યની સેવાઓ વધારી, સ્ત્રી શિક્ષણ વધ્યું વગેરે એ તરફ પણ વિદ્યાર્થીઓને જોવા તેમણે અનુરોધ કર્યો.

ત્યારબાદ આઠ નિર્ણાયકોમાંથી એક નિર્ણાયક શ્રી રવીન્દ્રભાઈ ખાંડવાળાએ તેમનાં મંતવ્ય રજૂ કરતાં જણાવ્યું. હાલના સમય અને સંજોગો પ્રમાણે વિષય પસંદગી સારી કરેલ છે અને તે માટે સ્પર્ધકોએ જે રજૂઆત કરી તેમને બધાને ધન્યવાદ પાઠવ્યા અને આવી ચર્ચાઓમાં વધુ રસ લેવા માટે સમજાવ્યું.

### ૫.૩ આગામી આંતરરાષ્ટ્રીય પરિષદો

### (૧) ફ્યુચર ઑફ એજ્યુકેશન ૨૦૧૯

**વિષય : 'ડિજિટલ વર્લ્ડમાં**

ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ નોલેજ મેનેજમેન્ટે ૧૩ થી ૧૪, જૂન, ૨૦૧૯ના રોજ બેંગકોક, થાઈલેન્ડમાં **'ફ્યુચર ઓફ ઍજ્યુકેશન ૨૦૧૯'** વિષયે બીજી આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કર્યું છે. જેમાં શિક્ષણનું ભવિષ્ય, શિક્ષણમાં નવા વલણો અને પરિવર્તનોની ચર્ચા કરવા માટે સંશોધન, શિક્ષણશાસ્ત્રીઓ, નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નિષ્ણાતો અને શૈક્ષણિક વ્યાવસાયિકોને એકસાથે જોડવાનો આ પ્રયાસ છે આ પરિષદમાં ભાગ લેનારાને અનેક નેટવર્કિંગની તકો સાથે એક અનન્ય આંતરરાષ્ટ્રીય અને આંતરસાંસ્કૃતિક અનુભવ મળશે.

આ પરિષદ શિક્ષણક્ષેત્રના તજજ્ઞોને પોતાના વિચારો અને સંશોધનો રજૂ કરવા આમંત્રણ આપે છે અને ભવિષ્યના શિક્ષણને આકાર આપવામાં ભાગીદાર થવાની તક આપે છે. વધુ માહિતી માટે નીચેના સરનામે સંપર્ક કરવો.

The International Institute of Knowledge Management,
#531/18, Kotte road, Pitakotte, Sri Lanka.
Tel. : +94 11 20 444 80
Website : www. tiikm.com   Email : isanka@tiikm.com

### (૨) સાઉથ આફ્રિકા ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઑન એડલ્ટ એન્ડ કન્ટિન્યુઈંગ એજ્યુકેશન

'ઍસોસિયેશન ઑફ એકેડેમિક્સ એન્ડ રીસર્ચર ઈન આફ્રિકા'ના સહયોગથી સન ૨૦૧૪થી આફ્રિકન એકેડેમિક રીસર્ચ ફોરમ આ પરિષદને બોલાવી છે. આ વર્ષે એનો વિષય છે 'પ્રૌઢ અને નિરંતર શિક્ષણ' જેમાં શિક્ષણવિદો, વ્યાવસાયિકો અને શૈક્ષણિક નેટવર્ક સાથે જોડાયેલા તમામ મોટી સંખ્યામાં ભાગ લેશે. આ વર્ષે આ પરિષદ ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૯માં મેનહટન હોટલ, પ્રિટોરિઆ, સાઉથ આફ્રિકામાં મળશે. આ પરિષદમાં નોંધણી ફીમાં વળતર સાથે નોંધણી માટેની છેલ્લી તારીખ ૩૧, જુલાઈ ૨૦૧૯ છે, જ્યારે સંશોધન લેખના સાર મોકલવાની છેલ્લી તારીખ ૩૦, જૂન ૨૦૧૯ છે. રસ ધરાવનાર સહુએ આ પરિષદની વેબસાઈટ પર જઈ વધુ વિગતો મેળવવી.

www.aa-rf.org Email : saiced@aa-rf.org

### ૫.૪ ભૂખ્યા કાજે ભોજન બનજો

વિશ્વમાં ભૂખથી મોટું કોઈ દુઃખ નથી. કમનસીબે આટલા બધા ટેક્નિકલ વિકાસ અને હરિયાળી ક્રાંતિઓ પછી પણ વિશ્વમાં ૧૫% લોકો ભૂખથી પીડાય છે. રોબિન હુડ આર્મીના નામે ભૂખમરાનો અંત લાવવા એક નવું અભિયાન આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલે છે. ઠેર ઠેર વધેલ ખાવાનું એકત્ર કરી જરૂરતમંદને ખવડાવવાનું કામ આ સંસ્થા કરે છે. માર્ચ, ૨૦૧૯ના એક અઠવાડિયામાં ૨,૦૨,૯૯૨ લોકોને ભરપેટ જમવાનું આપી શકાયું છે. આ પ્રવૃત્તિ સંપૂર્ણપણે સ્વૈચ્છિક સેવાઓથી ચાલે છે અને દેશનાં ૭૭ શહેરોમાં પહોંચી છે. રોબિન હુડ આર્મીમાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા છે. સંસ્થા ખોરાકની સાથે સાથે બાળકોને ભણાવવાનું અને એમને જરૂરી મનોરંજન પૂરું પાડવાનું કામ પણ કરે છે. આ પ્રવૃત્તિમાં જો હજી વધારે લોકો જોડાય અને નકામા જતા દરેક ખોરાકને જરૂરિયાત મંદ સુધી પહોંચાડી શકાય, તો વિશ્વમાં ભૂખમરો રહે નહિ. રોબિન હુડ-આર્મીમાં જોડાયેલા તમામ લોકોને અભિનંદન. વાચકોમાંથી કોઈને આ ઉપક્રમમાં સેવા આપવી હોય અને રોબિન થવું હોય તો તે વધુ માહિતી અને કાર્યવાહી માટે શ્રી વિષ્ણુભાઈ બારોટનો ૯૮૯૮૦૦૧૧૭૨ પર સંપર્ક કરી શકે છે.



## ૬. પુસ્તક પરિચય

### ઈન્ડિયા ૨૦૨૦ : નવી સહસ્રાબ્દીનું સ્વપ્ન

**લેખક : એ. પી. જે. અબ્દુલકલામ અને વાય. એસ. રાજન**

નવ ભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત અને વૈજ્ઞાનિક સલાહકાર એ. પી. જે. અબ્દુલકલામ સાથે ભારતીય ઉદ્યોગ મહામંડળના સિનિયર સલાહકાર વાય. એસ. રાજન દ્વારા મૂળ અંગ્રેજીમાં ૧૯૯૮માં લખાયેલ આ પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર ૨૦૦૩માં પ્રકાશિત થયું હતું. આમાં સન્ ૨૦૨૦માં ભારત ક્યાં પહોંચી શકે એનું એક દર્શન છે. આ પુસ્તકની પ્રેરણા એક નાની ૧૦ વર્ષની બાળકી છે જેણે કહ્યું કે 'હું ઉન્નત ભારતમાં જીવવા માંગુ છું'. આ શબ્દો ડૉ. કલામને સ્પર્શી ગયા અને એમના મનમાં પ્રશ્ન ઊઠ્યો :

'શું ભારત એક વિકસિત રાષ્ટ્ર બની શકે ?' આ પ્રશ્ન પર વિચારતાં, સંશોધન કરતાં જે ભારતનું ચિત્ર એમની નજર સમક્ષ ઊભું થયું તેની તર્કબદ્ધ ચર્ચા એમણે આ પુસ્તકમાં કરી. શરૂઆતથી અંત સુધી પ્રકરણોમાં લેખકે ભારત એક વિકસિત દેશ બની શકે એમ છે તે વાતનું તર્કબદ્ધ પ્રતિપાદન કરવાનો પ્રયાસ કર્યો છે. બીજા પ્રકરણમાં બીજાં રાષ્ટ્રોએ સેવેલાં સપનાંઓની વાત છે. ડૉ. કલામનું માનવું છે કે પ્રજા જો દૃઢ નિશ્ચય કરે તો ભારત માટે વિકસિત દેશોની હરોળમાં જવાનું મુશ્કેલ નથી. અનેક દેશોએ આવી હરણફાળ ભરી છે. ઘણા બધા દેશો - યુરોપ, અમેરિકા, ચીન, જાપાન વગેરેએ સેવેલાં સપનાંની ઝાંખી ખરેખર રસપ્રદ છે. વાચક આ બે પ્રકરણ વાંચતાં ભારતની ક્ષમતા બાબતે સહજ રીતે વિચારતો થઈ જાય છે. ડૉ. કલામે ભારતની ક્ષમતાને ટેક્નોલોજી, કૃષિ, ખાન અને ખનીજ, જૈવિક સંપત્તિ અને એમાંથી ઉત્પાદિત થતા રસાયણો વગેરેનો સૂક્ષ્મ ચિતાર આપીને આપણા દેશમાં વિકાસની કેટલી ભારે સંભાવના રહેલી છે એની ચર્ચા કરી છે.

વિકાસની આ ચર્ચામાં તેઓ ટકાઉ વિકાસની વાત ભૂલ્યા નથી. અનન્ય રીતે ભારતીય હોય તેવાં સંશોધનો કરવા માટે સર્જનાત્મક જુસ્સો કેળવવાની વાત એ કરે છે. ભાવિ ઉત્પાદનક્ષમતા સહુને માટે આરોગ્ય અને માળખાકીય સુવિધાઓમાં આપણે ક્યાં છીએ અને આપણે ક્યાં જવાનું છે તેનું સ્પષ્ટ રેખાદર્શન આપે છે.

આ પુસ્તકના અંતમાં ૨૦૨૦ના સ્વપ્નના સાક્ષાત્કાર માટે શું કરવું જોઈએ એનાં અનેક સૂચનો છે 'આપણે શું કરી શકીએ' આ સવાલ સમાજમાં આમ રીતે પુછાતો હોય છે. આ સવાલ અહીં પણ ઉપસ્થિત કરી દરેક ક્ષેત્ર કઈ રીતે પોતાનું નવસર્જન કરી શકે એનાં સૂચનો આમાં છે.

લેખકો આખા પુસ્તકમાં ક્યાંય વિકાસની તત્ત્વચર્ચામાં પડ્યા નથી. હકીકતો અને એમાંથી ઉપર ઊઠીને એક વિકસિત દેશનું સ્વપ્ન જ એમણે ધ્યાનમાં રાખ્યા છે. ૨૦૨૦ની નજીક જેમ આપણે જઈએ છીએ તેમ આપણા સ્વપ્નને સાકાર કરવામાં આપણે ક્યાં અને કેટલાં સફળ થયાં છીએ તે તપાસવાનું વિકાસની પ્રક્રિયા સાથે જોડાયેલા સહુ માટે રસપ્રદ બની રહેશે.

**- વિમળા મકવાણા**

---

**(અનુસંધાન પૃ.૨ નુ ચાલુ...)**

અને સ્વદેશીના આદર્શોની પાછળ પણ ભૂમિકા તો આ જ હતી, કે દરેકને કામ મળવું જોઈએ. દરેકને કામ કરવાની, સમાજને કંઈક આપવાની તક મળવી જોઈએ, પણ આ ત્યારે જ થાય જ્યારે દરેક કામને એક સરખો દરજ્જો મળે અને દરેક કામ શોધનાર પાસે યોગ્ય લાયકાત હોય. ટૉલ્સટોયે કરેલી બ્રેડલેબરની વાત આ સંદર્ભમાં ફરી એકવાર માનવ સમાજે વિચારવી પડશે. બેરોજગારીનું ભથ્થું કે ‘ન્યાય’ જેવી યોજનાઓ એનો ઉપાય નથી. વિકાસની ઝડપ ઓછી કર્યા વગર રોજગારીમાં વધારો કરવાનું લગભગ અશક્ય લાગે છે. ફરીથી વિશ્વમાં અમેરિકામાં મંદીની વાત શરૂ થઈ છે. આમ તો ૨૦ મી સદીના અંતથી વિશ્વ મંદી તરફ જઈ રહ્યાની ચર્ચા વખતોવખત થતી રહી છે. રોજગારી વધારવા માટે આ જ સુધી કરાયેલા તમામ પ્રયાસો નિષ્ફળ જવાનું કારણ જ કદાચ આપણી આર્થિક નીતિ, આપણી વિકાસની ઘેલછા, મર્યાદાઓને ન સ્વીકારવાની આડોડાઈ અને માનવને સર્વશ્રેષ્ઠ, અતિ શક્તિશાળી યોનિ તરીકે પ્રસ્થાપિત કરવાની હોડ ! ખબર નથી કે આવતાં ૫૦ વર્ષમાં બ્રેડના ટુકડા કે જમીનના ટુકડાની જેમ રોજગારી માટે લોકો ઝગડતા હશે. શાંતિ, અહિંસા, સંવાદિતા આપણાથી જોજનો દૂર હશે અને માનવજાતના અસ્તિત્વ સામે પ્રશ્નાર્થ ઊભો થશે.

ભારત જો જાગે, અને આ પ્રશ્નને એના તમામ આયામોથી જોવાનો પ્રયાસ કરે તો ચોક્કસ આખી દુનિયાને નવો રસ્તો બનાવી શકે. ટેક્નોલોજી, વિજ્ઞાન કે પ્રગતિનો આમાં વિરોધ નથી, પણ એના વિકાસને દિશા આપવાનો પ્રયાસ છે. એક વાત નિશ્ચિત છે કે રોજગારીનું સર્જન જ સમાવેશી અર્થવ્યવસ્થા ઊભી કરી શકે અને દેશને આંતરિક અને બાહ્ય સલામતીના ખતરામાંથી બહાર કાઢી શકશે. આજે જો વિકાસ અને રોજગારી બાબતે કોઈ રેફરન્ડમ કરવામાં આવે તો રોજગારીના પક્ષમાં મત પડે. બેરોજગારીનો પ્રશ્ન આપણા ભાવિના કેન્દ્રમાં છે અને એમાં થતો વધારો કે ઘટાડો ભવિષ્યના ભારતને આકાર આપશે.

**- મંદા પરીખ**



## વાચકોને વિનંતી

*૧. સમુદાય શિક્ષણના ક્ષેત્રે આવી રહેલ જ્ઞાનયુગને ધ્યાનમાં રાખી અનેકવિધ નવતર પ્રયોગો અને કાર્યક્રમો કરતી આ સંસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આપનો સહકાર અમૂલ્ય છે. જો આપ આ સંસ્થાના સભ્ય ન હો તો* ***વ્યક્તિગત આજીવન*** *સભ્ય ફી રૂ. ૧,૦૦૦/-,* ***સંસ્થા*** *અથવા* ***યુનિવર્સિટી*** *માટેની સભ્ય ફી રૂ.૨,૫૦૦/- સંસ્થાના સરનામે તાત્કાલિક મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત સંસ્થા વિશેની કોઈ પણ માહિતીની જો આવશ્યકતા હોય તો અમારો સંપર્ક કરશો.*

*૨. જો આપ આ સંસ્થાના આજીવન સભ્ય હો તો આપના વિશેની સંપૂર્ણ માહિતી (BIO-DATA) અમને મોકલી આપવા વિનંતી. એટલે અનુકૂળતાએ સંસ્થાના મુખપત્ર* ***‘યાત્રાપથ’****માં આપનો પરિચય સમાવી શકાય.*

*૩. દર ત્રણ મહિને પ્રકાશિત થતા ‘યાત્રાપથ’ના માધ્યમ દ્વારા સમુદાય શિક્ષણ સાથે આપને જોડવાનો અમારો નાનકડો પ્રયાસ છે.* ***‘યાત્રાપથ’નું વાર્ષિક લવાજમ*** *માત્ર રૂ. ૫૦/- છે. જો આપ આ મોકલી આપશો તો આપના આભારી થઈશું.*

*૪.* ***‘યાત્રાપથ’*** *વિશે આપના* ***પ્રતિભાવો*** *પણ અમને જરૂરથી લખી મોકલશો.* *-તંત્રી*

**યાત્રાપથ-ગુજરાતી (ત્રિમાસિક) Registered under RNI No. GUJGUJ/2007/23007**
**Published on 15th of January, April, July and October, Posted at Ah'd P.S.O. Office**

Printed and Published by : Mayank Chandrakantbhai Upadhyay on behalf of 'Indian Society For Community Education. Printed at : Arth Computer, 203, Maurya Complex, Opp. C.U.Shah College, Income Tax, Ashram Road, Ahmedabad-380014
Published at Ahmedabad.

Editor : Manda Parikh

**વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-**
**પ્રતિ નકલ : રૂ. ૧૫/-**

Year : 12 Issue No. 2
January - March - 2019

**YATRAPATH**
**INDIAN SOCIETY FOR COMMUNITY EDUCATION**
OFF ASHRAM ROAD,
NAVJIVAN PRESS ROAD,
AHMEDABAD-380014